**—: પ્રેસનોટ :—**

"વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ તા. ૨૧ જૂનના દિવસને "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર કરવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ રજૂઆતને સંયુકત રાષ્ટ્ર સંઘએ સ્વીકારી "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર થતાં ગત વર્ષે વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૬ના રોજ "વિશ્વ યોગ દિન"ની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સાથે ભારતીય સંસ્કૃતિના એક અંગ યોગની સુવાસ સમગ્ર વિશ્વમાં પ્રસરે તે માટે યોગ વિદ્યાની મૂળભૂમિ એવા ભારતમાં સંપૂર્ણ રાષ્ટ્રમાં તે દિવસે વિરાટ, વિસ્તૃત અને શાનદાર રીતે ઉજવવાના અભિગમમાં ગુજરાત સરકાર પણ રાજયના નાગરિકોમાં આ સિદ્ધાંતોના અનુરોપણ માટે સક્રીય છે ત્યારે માન.મુખ્ય મંત્રીશ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણાથી વિશ્વ યોગ દિવસની ઉજવણી થકી ઉતમ ચારીત્ર્ય નિર્માણનો દ્રઢ સંકલ્પ કરવાની સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો હોલ સાથે તાપી કિનારે "રીવર ફ્રંન્ટ' ઉપર યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, વિવિધ રમત ગમત એસોસિએશનોએ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થા, નગર પ્રાથમિક ,સુમન સ્કુલના, ખાનગી સ્કુલના શિક્ષકો તથા યોગ વિદ્યાના જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેનરો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે એમ.એન.જે. માધ્યમિક શાળા–કાપોદ્રા, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ–ઘોડદોડ રોડ, કે. એન્ડ એમ. પી. હાઈસ્કુલ–અમરોલી, પીપરડીવાલા ઈ.મિ.હાઈસ્કુલ–રાંદેર, આર.એન. નાયક હાઈસ્કુલ–ઉધના, ગુરૂકુળ કુમાર વિધાલય– કતારગામ તથા દરેક ઝોન ખાતે તા.૧૮/૦૬/૨૦૧૬ સુધી યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા ના ભાગરૂપે ખુબ જ મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિધાર્થીઓએ યોગ તાલીમ મેળવેલ છે.

૨૧મી જૂન ૨૦૧૬ની સુવર્ણમયી પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ

યોજાનાર યોગ કાર્યક્રમમાં જોડાવા ઉત્સુકતા દાખવેલ છે. સવારે ૭.૦૦ કલાકથી યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુક્તાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ અને નિદર્શનો સાથે યોગ કરાવવામાં આવશે.  કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભુતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. "વિશ્વ યોગ દિવસ" ઉજવણીમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.





**તાલીમ સેશન દરમ્યાન તાલીમ લેતા નગરજનો**

**-: પ્રેસનોટ :-**

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૮/૦૬/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી. પી.સ્કીમ નં.૧ (ઉધના–મજુરા) ફા.પ્લોટ નં. ૧ પૈકી લાલીમાનગર સોસાયટી, સબ પ્લોટ નં.૪૫ ખાતે ૫૦૦ ચો.ફુટ મેશનરી તથા ૨૦૦ ચો.ફુટ આર.સી.સી સ્લેબ તથા કોલમનું ડિમોલીશન કરવામાં આવેલ છે તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/–, ડિપોઝીટ પેટે રૂા.૩૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) માં ટી. પી.સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં. ૩૮૪, બેઠી કોલોની, સબ પ્લોટ નં.૧૭/૧૨૫, ખટોદરા ખાતે ૫૫૦ ચો.ફુટ મેશનરી તથા ૫૦૦ ચો.ફુટ આર.સી.સી સ્લેબ તથા કોલમનું ડિમોલીશન કરવામાં આવેલ છે તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, ડિપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં........ 547
તા.૨૦-૦૬-૨૦૧૬

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૦૬/૨૦૧૬ થી તા.૧૯/૦૬/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૬૦૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૭૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૭૫૦/— વસુલ લેવામાં આવેલ છે. ૯૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૩૮૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૯૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૧૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૫૪ કરદાતાઓ પાસેથી રૂા.૧૩,૧૬,૪૦૩/— નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૯૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૬૧ એન્ટ્રીમાં રૂા.૧,૩૭,૨૪૭/— અને આર.સી.ની ૩૫ એન્ટ્રીમાં રૂા.૨,૫૬,૯૫૪/— મળી કુલ રૂા.૩,૯૪,૨૦૧/— ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૨૦/—, રીન્યુઅલની ૦૬ એન્ટ્રીમાં રૂા.૩૯૦/— અને દંડની રકમની ૧૩ એન્ટ્રીમાં રૂા.૯૦૦/— ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૯ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ.

દબાણ ખાતા દ્વારા આંબાતલાવડી દબાણ હટાવી ખુલ્લી લારી—૦૩, બંધ લારી—૦૨ તેમજ અન્ય : ટેમ્પો —૦૧ જપ્ત કરવામાં આવેલ છે.

**૫૪૯**

# <u>પ્રેસનોટ</u>

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

**(૧)** સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૮, નોંધ નં.૯૦૭ મોમનાવાડ, ગોપીપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારે મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફ્લોર પર આશરે ૧૭૫ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ પાર્કીંગની જગ્યા પરની પાર્ટીશન દિવાલો સહિતનું ગેરકાયદેસર બાંધકામ તા.૧૮/૦૬/૨૦૧૬ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

ભારત સરકાર ધ્વારા ૨૧ મી જુન ૨૦૧૬ ના રોજ વિશ્વ યોગ દિનની રાષ્ટ્ર વ્યાપી ઉજવણી કરવાનું નકકી કરેલ.જે અન્વયે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં દરેક ઝોનમાં આવેલ કોમ્યુનીટી હોલ,જે તે સમાજની વાડીઓમાં તથા અન્ય આવા સ્થળોએ તા.૨૧/૦૬/૨૦૧૫ ના રોજ સવારે ૭:૦૦ થી ૭:૩૦ કલાક સુધી યોગનો કાર્યક્રમ રાખવામાં આવેલ.જિલ્લા પંચાયત–જિલ્લા વહીવટીતંત્ર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે સરસાણા કન્વેન્શન હોલ ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે.

યોગ શબ્દનો અર્થ છે જોડવું.યોગ અષ્ટાંગ છે.યમ,નિયમ, આસન,પ્રાણાયામ, પ્રત્યાહાર ,ધ્યાન,ધારણા અને સમાધિ યોગના અભ્યાસથી માનસિક, આધ્યાત્મિક, શારીરિક, નૈતિક શકિત મેળવી શકે છે.વ્યકિતનું શરીર સબળ,સુદ્રઢ,ચપળ અને નિરામય થાય છે.જીવનમાં ઉત્સાહનો અનુભવ થાય છે.વ્યકિતના સર્વાંગી વિકાસ માટે યોગ અત્યંત લાભદાયી છે.યોગ ધ્વારા વિક્ષિપ્ત મનને સ્થિર અને ચિરંતન સુખની પ્રાપ્તી કરી શકાય છે.યોગાસન ધ્વારા અંતઃસ્ત્રાવી ગ્રથિઓ માંથી રસ ઝરે છે.પ્રણાયામ ધ્વારા શ્વાસોચ્છવાસનાં નિયંત્રણ ધ્વારા મનુષ્યનું આયુષ્ય વધારી શકાય છે.યુનોએ પણ ૨૧ જુન "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે સ્વીકાર કર્યો છે.

આ યોગ કાર્યક્રમમાં શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં સેન્ટ્રલ ઝોન,રાંદેર ઝોન,અઠવા ઝોન,વરાછા ઝોન,લિંબાયત ઝોન,ઉધના ઝોન,કતારગામ ઝોન નો સમાવેશ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં નીચે મુજબના સ્થળોએ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

રાંદેર ઝોન

| અનું.નં. | સ્થળ નું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | દિવાળી બાગ કોમ્યુનીટી હોલ | ઋષભ ટાવરની સામે, રાંદેર રોડ,સુરત. |
| ૨ | સીનીયર સીટીઝન હોલ | ઈશિતા પાર્ક, સંઘવી ટાવરની પાછળ, અડાજણ રોડ,સુરત. |
| ૩ | સ્કુલ ચિલ્ડ્રન હોલ | ગંગેશ્વર મંદિરની સામે, અડાજણ, સુરત. |
| ૪ | કોમ્યુનીટી હોલ, પાલ | એલ.પી.સવાણી સ્કુલ પાસે, સી.એન.જી. પંપની પાછળ, રામેશ્વરમ રેસીડેનસીની બાજુમાં,સુરત. |
| ૫ | કોમ્યુનીટી હોલ, જહાંગીરપુરા | જહાંગીરપુરા–ડભોલી બ્રીજ પાસે, મેઈન રોડ, જહાંગીરપુરા,સુરત. |
| ૬ | નાગરદાસ હોલ | વાડીયા નગર પાસે, અડાજણ રોડ,સુરત. |
| ૭ | એલ.પી.સવાણી સ્કુલ | એલ.પી.સવાણી સ્કુલ રોડ, સુરત. |
| ૮ | તાપી રીવરફ્રન્ટ | મકકાઈપુલના અડાજણ છેડે, અડાજણ, સુરત. |
| ૯ | ચોકસી વાડી | આંબેડકર ટ્રસ્ટ પાસે, અડાજણ, સુરત. |
| ૧૦ | કવિશ્રી અમૃત ઘાયલ ન.પ્રા.શા.નં. ૩૧૩ | આહિર વાસ પાસે, વરિયાવ ગામ, સુરત. |

## સેન્ટ્રલ ઝોન

| અનું.નં. | સ્થળ નું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | સગરામપુરા કોમ્યુનીટી હોલ | હાફેઝી મસ્જીદ સામે, સગરામપુરા, સુરત. |
| ૨ | રૂસ્તમપુરા કમ્યુનીટી હોલ | ૨/૫૮૯, આશાપુરી માતાનો ટેકરો, તરણકુંડની બાજુમાં, રૂસ્તમપુરા,સુરત. |
| ૩ | સલાબતપુરા કોમ્યુનીટી હોલ | બાળશહીદ ચોક પાસે,સલાબતપુરા, સુરત. |
| ૪ | લકકડકોટ કોમ્યુનીટી હોલ | સુથાર ફળીયા, સીનેમા રોડ, દિલ્હી ગેટ,સુરત. |
| ૫ | ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન) | ચોકબજાર, સુરત. |

## કતારગામ ઝોન

| અનું.નં. | સ્થળ નું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | મલ્ટી પર્પઝ હોલ પહેલો માળ | વાળીનાથ ચોક થી સીંગણપોર રોડ, બેંક ઓફ બરોડાની આગળ, પ્રમુખ વિધાલયની બાજુમાં, સીંગણપોર, કતારગામ, સુરત. |
| ૨ | એચ–૧ કોમ્યુનિટી હોલ–કોસાડ | એચ–૧, ઈ ડબલ્યુ એસ આવાસ, કોસાડ, સુરત. |
| ૩ | એચ–૩ કોમ્યુનિટી હોલ–કોસાડ | એચ–૩, ઈ ડબલ્યુ એસ આવાસ, કોસાડ, સુરત. |
| ૪ | એચ–૫ કોમ્યુનીટી હોલ | એચ–૫, ઈ–ડબલ્યુ એસ. આવાસ , ફાયર સ્ટેશનની પાછળનો રોડ, કોસાડ,સુરત. |
| ૫ | ઉત્રાણ કોમ્યુનિટી હોલ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બાજુમાં, ઉત્રાણ, સુરત. |
| ૬ | કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી | વસ્તાદેવડી રોડ, કતારગામ, સુરત. |
| ૭ | સુમન હાઈસ્કુલ–૩, કતારગામ | કિરણ હોસ્પીટલની પાછળ, વસ્તાદેવડી રોડ, કતારગામ,સુરત. |
| ૮ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક–૧૧૪ | પારસ પોલીસ ચોકી પાસે, કતારગામ સુરત. |
| ૯ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક–૧૮૬ | મોટી વેડ, કતારગામ સુરત. |

## વરાછા ઝોન

| અનું.નં. | સ્થળ નું નામ | સરનામું |
| --- | --- | --- |
| ૧ | કાપોદ્રા મલ્ટી પર્પઝ હોલ | સાગર સોસાયટી સામે, મરઘા કેન્દ્ર પાસે, કાપોદ્રા, સુરત. |
| ૨ | ભોંયતળિયું, સરદાર સ્મૃતિ ભવન | ભાતની વાડી, મેઘાણી બાગની સામે, મીની બજાર, સુરત. |
| ૩ | ભોંયતળિયું, વરાછા ઝોન ઓફિસ | સૈફી સોસા. ની બાજુમાં, પંચવટી વાડી સામે, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત. |
| ૪ | પ્રાથમિક શાળા | નાના વરાછા ગામતળ,નગર પ્રાથમિક શાળા પાસે, સુરત. |
| ૫ | સરદાર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ | ધરમનગર રોડ, વરાછા રોડ, સુરત. |
| ૬ | મોટા વરાછા મલ્ટી પર્પઝ હોલ | ફાયર સ્ટેશન પાસે, સુદામા ચોક, મોટા વરાછા,સુરત |

## ઉધના ઝોન

| અનું.નં. | સ્થળ નું નામ | સરનામું |
| --- | --- | --- |
| ૧ | ખટોદરા કોમ્યુનીટી હોલ | ખટોદરા હેલ્થ સેન્ટરની સામે,ખટોદરા ઉધના,સુરત |
| ૨ | હરિનગર કોમ્યુનીટી હોલ (ગ્રાઉન્ડ + પ્રથમ માળ હોલ) | શકિત ઈન્ડસ્ટ્રીઝની પાછળ,હરિનગર–૩,ઉધના, સુરત. |
| ૩ | પાંડેસરા કોમ્યુનીટી હોલ | પાંડેસરા હાઉસીંગ બોર્ડ પાણીની ટાંકી પાસે,પાંડેસરા,સુરત |
| ૪ | ભેસ્તાન–એચ–૧૫, ઈ.ડબલ્યુ.આવાસ,કોમ્યુનીટી હોલ | ભેસ્તાન ઈકલેરા રોડ,રેલ્વે ફાટકની આગળ,ભેસ્તાન,સુરત |
| ૫ | ભેસ્તાન કોમ્યુનીટી હોલ નવો | ટી.પી.૪૮ (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૭૧, બી.આર.ટી.એસ.વર્કશોપની સામે,ભેસ્તાન,સુરત |
| ૬ | એસ.ઈ.પી.સી.એન્ડ યુ.આર.સી.સેન્ટર (ગ્રાઉન્ડ ફ્લોર ૩ હોલ + પ્રથમ માળ હોલ) | ઉધનાઝોન ઓફિસ પાસે,રાયકા સર્કલ,દાઉદનગર બ્રીજના છેડે,ઉધના,સુરત |

## અઠવા ઝોન

| અનું.નં. | સ્થળ નું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | અલથાણ કોમ્યુનીટી હોલ (ઉપર અને નીચે) | અલથાણ હેલ્થ સેન્ટરની બાજુમાં,ભટાર,સુરત |
| ૨ | ઉમરા  કોમ્યુનીટી હોલ (ઉપર) | એસ.કે.નગરની પાસે,નવી પાસપોર્ટ ઓફિસ પાસે, ઉમરા, સુરત |
| ૩ | આદર્શ ભવન હોલ | આદર્શ સોસાયટી,અઠવા ઝોન ઓફિસની બાજુમાં, અઠવાલાઈન્સ,સુરત |
| ૪ | મહેશ્વરી ભવન (નીચેનો હોલ) | સાયન્સ સેન્ટરની બાજુમાં ,સીટીલાઈટ રોડ,સુરત |
| ૫ | વિજય લક્ષ્મી હોલ | જીલી રેસીડન્સીની બાજુમાં એસ.ડી.જૈન સ્કુલ પાસે,વેસુ, સુરત |
| ૬ | સંસ્કાર ભવન | દિનાનાથ આવાસની બાજુમાં,પુનમનગર પાસે,ભટાર રોડ, સુરત |
| ૭ | કાપડીયા હેલ્થ કલ્બ | વેષ્ણોદેવી મંદિરની બાજુમાં ,ન્યુ ભટાર રોડ,સુરત |
| ૮ | તેરાપંથ ભવન | અશોક પાનની ગલીમાં, સીટીલાઈટ, સુરત. |

## લિંબાયત ઝોન

| અનું.નં. | સ્થળ નું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | ઉમરવાડા કોમ્યુનીટી હોલ | ઉમરવાડા ઈ.ડબલ્યુ.એસ આવાસ પાસે,સુરત. |
| ૨ | ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ | માનદરવાજા,સુરત. |
| ૩ | મંગલ પાંડે હોલ | ગોડાદરા,સુરત. |
| ૪ | ઈન્ટરસીટી કોમ્યુનીટી હોલ | ઓર્ચીડ ટાવરની સામે, ઈન્ટરસીટી કોમ્પ્લેક્ષની બાજુમાં, પુણા કુંભારીયા રોડ,સુરત. |
| ૫ | ડીંડોલી પાર્ટી પ્લોય/કોમ્યુનીટી હોલ | ડીંડોલી તળાવ પાસે,ડીંડોલી,સુરત. |
| ૬ | લિંબાયત ઝોન કચેરી | ડુંભાલ ફાયર સ્ટેશન પાસે,લિંબાયત,સુરત. |

**૫૫૧**

**–::: પ્રેસનોટ :::–**

# દિનદયાલ અંત્યોદય યોજના –રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM) અંતર્ગત યુસીડી વિભાગ દ્વારા યોજાયેલ શહેરી આજીવિકા કેમ્પ

આથી યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા દ્વારા અમલીકૃત "દિનદયાલ અંત્યોદય યોજના –રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન" **(DAY-NULM)** અંતર્ગત તા.૩૦/૫/'૧૬થી તા.૧૨/૮/'૧૬ સુધી દર અઠવાડીયાના સોમવાર, બુધવાર, અને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ થી ૫:૦૦ સુધી **"શહેરી આજીવિકા મિશન કેમ્પ"નું** આયોજન કરી NULM યોજનાના તમામ ઘટકોની માહિતી શહેરી ગરીબો સુધી પહોંચે, તથા યોજના અંતર્ગત લાભપ્રદ સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ વેતન રોજગારની તકો પૂરી પાડી તેઓની ગરીબી અને નબળાઈઓ ઘટાડી, તેમના જીવન ધોરણમાં સુધારો થઈ શકે હેતુથી સુરત મહાનગરપાલિકાના તમામ ઈલેકશન વોર્ડ દિઠ આયોજન કરવામાં આવેલ છે.

આજ તા.૨૦/૬/'૧૬ના રોજ ***યુસીડી સમુદાય કેન્દ્ર, ટાંકલી ફળીયા, લંબે હનુમાન રોડ, વરાછા ઝોન ઓફિસ પાસે, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષની પાછળ, સુરત*** ખાતે યોજાયેલ **"શહેરી આજીવિકા મિશન કેમ્પ"**માં **સુરત મહાનગરપાલિકાના મા.મેયરશ્રી, શ્રીમતી અસ્મિતાબેન શિરોયા** હાજર રહયા હતા. આ પ્રસંગે મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાના 'બહુજન હિતાય બહુજન સુખાય'ના અભિગમ તેમજ સરકારશ્રી દ્વારા અમલીકૃત યોજનાની માહિતી/ લાભ સમાજના તમામ લોકો સુધી પહોંચે તે માટે આવા કેમ્પો ખુબ જ ઉપયોગ બની રહે છે, આવા કેમ્પોથી મહાનગરપાલિકા/ સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ જરૂરીયાતમંદ પાત્ર લાભાર્થીઓને એક જ સ્થળે, સરળતાથી ઘર આંગણે જ મળી રહે છે, જેથી વધુમાં વધુ લાભાર્થીઓ કેમ્પોના સ્થળે આવી પોતાની જરૂરીયાત મુજબ યોજનાનો મહત્તમ લાભ લેવા આ કેમ્પોના સ્થળે હાજર રહેવા શહેરીજનોને અપીલ કરી હતી.

*આ કેમ્પમાં મ્યુ.સદસ્યશ્રીઓ શ્રીમતી રસીલાબેન પાનસુરીયા તથા શ્રી પ્રવિણ ઘોઘારી અને યુસીડી વિભાગ પ્રોજેકટ ઓફિસરશ્રી આર.સી.પટેલ ઉપસ્થિત રહયા હતા.* સદર કેમ્પને સફળ

બનાવવા માટે યુસીડી વિભાગના કોમ્યુનીટી ઓર્ગેનાઇઝ શ્રી એન.ડી.ડાભી, NULM યોજના અંતર્ગતના કરારીય મેનેજર શ્રી ઘનશ્યામભાઈ પટેલ, શ્રીમતી અભિલાષાબેન પટેલ, તથા શ્રીમતી આરતીબેન ભંડેરી તથા વિસ્તાર સમાજ સંગઠકોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. ઉપરોક્ત કેમ્પમાં ૨૬૫ જેટલા લાભાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવી જે તે ઘટક માટે જરૂરી નોંધણી કરાવી હતી.

**૫૫૨**

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૦.૦૬.૨૦૧૬ નાં રોજ** સાઉથ ઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૩** ફાઈલના **રૂા.૦.૩૯ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧૨** લોકેશન **(ખાડા) ૬૧૮.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૪૧.૩** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા **કુલ**–**૦૭** લોકેશન(ખાડા) **૨૮૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ–૧૩** લોકેશન, **૨૫૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે, તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલઃ **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૯** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૦૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨.૯૭** લાખ થયેલ છે. તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૬૦** લાખ થયેલ છે., **૧૨** EC તથા **૧૪** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૪૧૨**/– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૪૦૦**/– વસુલ લેવામાં આવેલ છે. **૨૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૪** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૧૯૫.૭૭૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧૦,૯૦૦**/– છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : ૯૮૩૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૬૦૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૩૮** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૪૮** કરવામાં આવેલ છે. જયારે **૩૬** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૧,૫૫૦**/– વસુલ લેવામાં આવેલ છે.

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૮.૦૬.૨૦૧૬ નાં રોજ** સાઉથ ઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૂડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૬ ફાઈલના **રૂા.૧.૨૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– ૦૯ લોકેશન **(ખાડા) ૧૯૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૩૧.૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા **કુલ–૧૧** લોકેશન(ખાડા) **૬૭૫ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ–૧૦** લોકેશન, **૨૪૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે, તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી. પી.સ્કીમ નં.૧ (ઉધના–મજુરા) ફા.પ્લોટ નં. ૧ પૈકી લાલીમાનગર સોસાયટી, સબ પ્લોટ નં.૪૫ ખાતે **૫૦૦ ચો.ફુટ** મેશનરી તથા **૨૦૦ ચો.ફુટ** આર.સી.સી સ્લેબ તથા કોલમનું ડિમોલીશન કરવામાં આવેલ તથા **વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/–, ડિપોઝીટ પેટે રૂા.૩૦,૦૦૦/–** તથા **સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ તથા ટી. પી.સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં. ૩૮૪, બેઠી કોલોની, સબ પ્લોટ નં.૧૭/૧૨૫, ખટોદરા ખાતે **૫૫૦ ચો.ફુટ** મેશનરી તથા **૫૦૦ ચો.ફુટ** આર.સી.સી સ્લેબ તથા કોલમનું ડિમોલીશન કરવામાં આવેલ તથા **વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, ડિપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/–** તથા **સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૫,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલઃ ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૨૯,૬૯૮/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૫** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : **૨૦૫** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૩.૮૯** લાખ થયેલ છે. તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૭૬** લાખ થયેલ છે., **૧૦** EC તથા ૦૮ RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૪૬૦/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૭૦૦/–** વસુલ લેવામાં આવેલ છે. ૨૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૮** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૨.૮૫૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૬૦૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૫૬૨** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫૭૩૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૪૯ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૦૦ કરવામાં આવેલ છે. જ્યારે **૪૧** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૨૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.....553...
તા.૧૦-૦૬– ૨૦૧૬

## –: પ્રેસનોટ :–

## "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ તા.૨૧ જૂનના દિવસને "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર કરવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ રજૂઆતને સંયુકત રાષ્ટ્ર સંઘએ સ્વીકારી "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર થતાં ગત વર્ષે વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૬ના રોજ "વિશ્વ યોગ દિન"ની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સાથે ભારતીય સંસ્કૃતિના એક અંગ યોગની સુવાસ સમગ્ર વિશ્વમાં પ્રસરે તે માટે યોગ વિદ્યાની મૂળભૂમિ એવા ભારતમાં સંપૂર્ણ રાષ્ટ્રમાં તે દિવસે વિરાટ, વિસ્તૃત અને શાનદાર રીતે ઉજવવાના અભિગમમાં ગુજરાત સરકાર પણ રાજયના નાગરિકોમાં આ સિદ્ધાંતોના અનુરોપણ માટે સક્રીય છે. ત્યારે માન.મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણાથી વિશ્વ યોગ દિવસની ઉજવણી થકી ઉતમ ચારીત્ર્ય નિર્માણનો દ્રઢ સંકલ્પ કરવાની સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના તમામ કોમ્યુનિટી હોલ, તમામ ઓડિટોરીયમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો, ક્રિકેટના મેદાનો, મંદિરના પટાંગણ, હોલ સાથે તાપી કિનારે "રીવર ફ્રંન્ટ' ઉપર યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, વિવિધ રમત ગમત એસોસિએશનોએ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે.

૨૧મી જૂન ૨૦૧૬ની સુવર્ણમયી પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે સુરત મહાનગરપાલિકાના તમામ કોમ્યુનિટી હોલ, તમામ ઓડિટોરીયમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો, ક્રિકેટના મેદાનો, મંદિરના પટાંગણ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ યોજાનાર યોગ કાર્યક્રમમાં જોડાવા ઉત્સુકતા દાખવેલ છે. સવારે ૬.૩૦ કલાકથી ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો પ્રજાજોગ સંદેશ તથા યોગ અંગેનું નિદર્શન ઉપરાંત માન. મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલના યોગ સંદેશના ઓડીયો વીઝયુઅલ પ્રેઝન્ટેશન થકી શરૂઆત થશે. યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે સરળ કસરત,

તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ અને નિદર્શનો સાથે યોગ કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભુતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ આ "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણીમાં ઉત્સાહભેર સામુહિક યોગાસન, સાધારણ કસરત, પ્રાણાયામ, ધ્યાન જેવી યોગક્રિયામાં જોડાઈને વિશ્વના દ્વિતીય "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની સફળતાની ઐતિહાસિક ઉજવણીમાં ગૌરવભેર ભાગ લઈ સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

૫૫૫

# પ્રેસનોટ

## ગાર્ડન ખાતુ

## સુરત મહાનગરપાલિકા

## <u>એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન</u>

**૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિતે વૃક્ષારોપણને વધુ વેગ મળે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન યોજનાનો શુભારંભ** મા. મેયર શ્રીમતિ અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ છે. સદર યોજનાનો લાભ નગરજનો ૧૫ મી જુનથી ૧૫મી સપ્ટેમ્બર સુધી લઈ શકશે. સદર યોજનાનો લાભ લેવા માટે સુ.મ.પા.ના મોબાઈલ નંબર ૯૨૭૪ ૨૨૨ ૨૨૨ પર એસ.એમ.એસ. **GREENSURAT** પર મળેલ સંદેશા મુજબ સુરત શહેર હદ વિસ્તારમાં જે તે ઝોનમાં ખાનગી જમીનો ઉપર વૃક્ષોના રોપાનું રોપાણ કોર્પોરેશન ધ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ કરવામાં આવેલ ટ્રી–પ્લાન્ટેશન મોટા વૃક્ષમાં પરિણમે (૧૫ થી ૨૦ ફુટની ઉંચાઈનું થાય ત્યાં સુધી) ત્યાં સુધી તેની માવજત કરવા એસ.એમ.એસ. કરનાર પાસેથી વૃક્ષો ઉછેર અને સંરક્ષણ કરવાની જવાબદારી અંગે લેખિત બાહેંધરી પત્ર લેવામાં આવે છે. તા.૨૦/૦૬/૧૬ સુધીમાં ગાર્ડન વિભાગને મળેલ કુલ ૩૭૬ ઓનલાઈન એપ્લીકેશન મળેલ છે. ઓનલાઈન એપ્લીકેશન કરનારનો સંપર્ક કરી તેમના ખાનગી પ્લોટમાં વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન સુ.મ.પા.ના ગાર્ડન વિભાગ ધ્વારા કરવામાં આવી રહેલ છે. સુરત શહેરના નગરજનોને વધુમાં વધુ વૃક્ષારોપણ થાય અને પર્યાવરણ જાળવણીમાં યોગદાન આપવા માટે નગરજનોને આ યોજનાનો લાભ લેવા વિનંતી.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૫/૦૬/૧૬ થી તા.૩૦/૦૬/૧૬ દરમ્યાન તા.૨૩/૦૬/૧૬ના રોજ પબ્લીક સર્વીસ ડે નીમીતે સુરત શહેર વિસ્તારમાં આવેલ સંસ્થાઓમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ કરવામાં આવતો હોય તો જપ્ત કરવા ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પી.) અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના મુજબ દરેક ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ટીમો બનાવી ઝોન વિસ્તારમાં આવેલ હોટલ/રેસ્ટોરન્ટ, માર્કેટ વિસ્તાર તથા અન્ય સંસ્થાઓમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરવા માટે અભિયાન હાથ ધરવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૨૦/૦૬/૧૬ના રોજ આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફોની ટીમો દ્વારા દરેક ઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ હોટલ/રેસ્ટોરન્ટ, માર્કેટ વિસ્તાર તથા અન્ય સંસ્થાઓમાં પ્રબિંધિત પ્લાસ્ટીક જપ્ત કરવા સઘન ચેકીંગ હાથ ધરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. જેમાં ૬૯૬ સંસ્થાઓ ચેક કરતા પ્રતિબંધિત પ્લાસ્ટીક વપરાશ માલુમ પડતા ૧૨૭.૬૫૦ પ્રતિબંધિત પ્લાસ્ટીકની કોથળી, થેલી, ઝભલાઓ જપ્ત કરી ૩૯૫ ઈસમો પાસે રૂ.૬૬,૨૦૦/–નો વહીવટી ચાર્જ વસુલ કરી ૧૭૨ ઈસમોને નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. વધુમાં દરેક ઝોન વિસ્તારમાં આવેલ સર્કલો, લાઈટપોલ તેમજ જુદા જુદા જાહેર સ્થળોએ બીનઅધિકૃત લગાવેલ પોસ્ટરો/બેનરો જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી જેમાં નાના/મોટા ૧,૨૫૫ બેનરો/પોસ્ટરો જપ્ત કરી રૂ.૬,૧૦૦/–નો વહીવટી ચાર્જ વસુલ કરી ૩ ઈસમને નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ કામગીરી આગામી દિવસો દરમ્યાન પણ ચાલુ રાખવામાં આવશે.

::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 556

તા.૨૦/૦૬/૨૦૧૬

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૫૫૭

# સુરત મહાનગરપાલિકા <u>પ્રેસનોટ</u>

## એર્ફોડેબલ હાઉસીંગ સેલ

### મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત તા.૧૨/૦૪/૨૦૧૬ થી તા.૧૫/૦૬/૨૦૧૬ સુધીમાં જે અરજદારોએ આવાસ મેળવવા માટે આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં અરજી કરેલ હોય, ફકત તેવા અરજદારો માટે . . .

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ. તથા એલ.આઈ.જી. સ્કીમ માટે તા.૧૨/૦૪/૨૦૧૬ થી તા.૧૫/૦૬/૨૦૧૬ સુધીમાં આઈ.સી.આઈ.સી.આઈ. બેંક મારફત અરજીઓ મંગાવવા અર્થે જાહેરાત આપવામાં આવેલ. જે અન્વયે એર્ફોડેબલ હાઉસીંગ સેલ ખાતે જે તે સ્કીમ વાઈઝ મળેલ અરજીની વિગત નીચે મુજબ છે.

**EWS**

**ખાલી આવાસો સામે મંગાવેલ અરજીઓની વિગત**

| અ. નં. | સ્કીમનું નામ | હાલ ખાલી આવાસની સંખ્યા | મળેલ અરજીફોર્મની સંખ્યા |
|---|---|---|---|
| 1. | EWS 1 - SUMAN JYOT-T.P.9 (Palanpur-Bhesan) F.P.164 | 1 | 81 |
| 2. | EWS 2 - SUMAN ASHISH-T.P. 28(Althan-Bhatar) F.P.152 | 2 | 189 |
| 3. | EWS 3 - SUMAN KUNJ-T.P. 26(Singanpor) F.P.129 | 1 | 113 |
| 4. | EWS 4 -SUMAN SMRUTI- T.P. 22(Bhestan) F.P.62 | 11 | 40 |
| 5. | EWS 5 -SUMAN SHAKTI- T.P. 48(Bhestan) F.P.69 | 227 | 172 |
| 6. | EWS 6 -SUMAN SWAPNA- T.P. 41(Dindoli) F.P.R/8/2 | 1 | 78 |
| 7. | EWS 7 -SUMAN SHRUTI- T.P. 69(Godadara-Dindoli) F.P.183 | 10 | 149 |
| **Total** | | **253** | **822** |

**LIG**

**ખાલી આવાસો સામે મંગાવેલ અરજીઓની વિગત**

| અ. નં. | સ્કીમનું નામ | હાલ ખાલી આવાસની સંખ્યા | મળેલ અરજીફોર્મની સંખ્યા |
|---|---|---|---|
| 1. | LIG 1 - SUMAN SAGAR - T.P.7 (Vesu-Magadalla) F.P.131 | 195 | 441 |
| 2. | LIG 2 - SUMAN SHAIL - T.P. .2 (Vesu) F.P.214 | 161 | 514 |
| 3. | LIG 3 - SUMAN SWET - T.P.4 (Rundh-Magadalla) F.P.64 | 10 | 30 |
| 4. | LIG 4 - SUMAN AMRUT - T.P.28 (Althan-Bhatar) F.P.156 | 116 | 239 |
| 5. | LIG 5 - SUMAN ANAND - T.P.3 (Rundh) F.P.66 | 362 | 455 |
| 6. | LIG 6 - SUMAN DHARA - T.P.4 (Rundh-Magadalla) F.P.63 | 370 | 102 |
| 7. | LIG 7 - SUMAN SARITA - T.P.3 (Rundh) F.P.73 | 47 | 161 |
| 8. | LIG 8 - SUMAN UDAY - T.P.2 (Vesu-Bharthana) F.P.207 | 81 | 47 |

| અ. નં. | સ્કીમનું નામ | હાલ ખાલી આવાસની સંખ્યા | મળેલ અરજીફોર્મની સંખ્યા |
|---|---|---|---|
| 9. | LIG 9 - SUMAN KALA - T.P.2 (Vesu-Bharthana) F.P.231 | 43 | 24 |
| 10. | LIG 10 - SUMAN DRASHTI - T.P.2 (Vesu-Bharthana) F.P.229 | 0 | 30 |
| 11. | LIG 11 - SUMAN CHHAYA - T.P.14 (Pal) F.P.161 | 20 | 175 |
| 12. | LIG 12 -SUMAN SANDHYA - T.P.14 (Rander-Adajan) F.P.157 | 11 | 165 |
| 13. | LIG 13 -SUMAN SHANTI - T.P.30 (Rander) F.P.27 | 6 | 23 |
| 14. | LIG 14 -SUMAN GHATA - T.P.32 (Adajan) F.P.116 | 1 | 77 |
| 15. | LIG 15 -SUMAN EKTA - T.P.30(Rander) F.P.23 | 6 | 3 |
| 16. | LIG 16 -SUMAN SHRUSHTI - T.P.14 (Pal) F.P.164 | 0 | 51 |
| 17. | LIG 17 -SUMAN VIHAR - T.P. 32 (Adajan) F.P.130 | 0 | 54 |
| 18. | LIG 18 - SUMAN DWAR - T.P.10 (Pal) F.P.189 | 1 | 20 |
| 19. | LIG 19 - SUMAN DEEP- T.P.31(Adajan) F.P.187 | 1 | 39 |
| 20. | LIG 20 - SUMAN DARSHAN T.P.25(Singanpor-Tunki) F.P.64 | 5 | 412 |
| 21. | LIG 21 - SUMAN SHRESTHA-T.P.35(Katargam) F.P.121 | 1 | 131 |
| 22. | LIG 22 - SUMAN SARJAN-T.P. 35(Katargam) F.P.122 | 2 | 172 |
| 23. | LIG 23 - SUMAN NIKETAN -T.P. 19(Katargam) F.P.180 | 1 | 175 |
| 24. | LIG 24 -SUMAN SARTHAK- T.P. 35(Katargam) F.P.116 | 4 | 35 |
| 25. | LIG 25 - SUMAN SAURABH-T.P. 19(Katargam) F.P.202 | 1 | 38 |
| 26. | LIG 26 - SUMAN SAHYOG-T.P.19(Katargam) F.P.183 | 0 | 44 |
| 27. | LIG 27 - SUMAN PARK-T.P. 19(Katargam) F.P.184 | 1 | 15 |
| 28. | LIG 28 -SUMAN BHUVAN-T.P. 20(Nana Varachha) F.P .102 | 1 | 157 |
| 29. | LIG 29 -SUMAN SIDDHI - T.P. 33(Dumbhal) F.P.63 | 186 | 342 |
| 30. | LIG 30 -SUMAN SANKALP-T.P.61(Parvat-Godadara) F.P.227 | 30 | 95 |
| **Total** | | **1663** | **4266** |

ઉકત મળેલ અરજીઓ સંદર્ભે અરજી ચકાસણી દરમ્યાન જે અરજીઓમાં પુરાવા ખુટતા હોય, તેવા અરજદારોને અત્રેથી અરજદારોના મોબાઈલ નંબર ઉપર એસ.એમ.એસ. ધ્વારા ખુટતા પુરાવા જમા કરાવવા અંગે વારંવાર સુચના આપવામાં આવેલ છે. તેમ છતાં હજુ સુધી ઘણાં અરજદારોએ પોતાના ખુટતા પુરાવા રજુ કરેલ નથી. આથી જે અરજદારોના ખુટતા પુરાવા જમા કરાવવાના બાકી હોય, તેવા અરજદારોએ છેવટની તકરૂપે તા.૨૨/૦૬/૨૦૧૬ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં એર્ફોડેબલ હાઉસીંગ સેલની કચેરી, યુ.સી.ડી. ઓફિસ, વરીયાવી બજાર પોલીસ ચોકીની સામે, ઘાસ્તીપુરા, સુરત ખાતે ખુટતા પુરાવા જમા કરાવવાના રહેશે. જો કોઈ

અરજદાર જણાવેલ સમયમર્યાદામાં પોતાના પુરાવા જમા ન કરાવશે, તો તેવી અરજીઓ આગામી ડ્રો માં લઈ જવામાં આવશે નહી.

**૫૫૮**

## :: પ્રેસનોટ ::

### "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ વ્યકિતત્વને વિશ્વની મહોર સમાન વિશ્વ સમુદાયને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે અપનાવવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ અપીલને સંયુકત રાષ્ટ્ર સંઘએ યોગ સુખી જીવન જવવા માટેનું સંપૂર્ણ વિજ્ઞાન તરીકે સ્વીકૃતિ આપી ૨૧ જૂનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે જાહેર કરવામાં આવતાં ગત વર્ષની પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીની જેમ તા.૨૧/૦૬/૨૦૧૬ના રોજ દ્વિતીય "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની પણ દેશ અને દુનિયામાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

"વિશ્વ યોગ દિવસ"એ ભારતીય સંસ્કૃતિની વિશ્વને અનોખી ભેટ છે. ભારતીય સંસ્કૃતિના એક અંગ યોગની સુવાસ સમગ્ર વિશ્વમાં પ્રસરે તે માટે યોગ વિદ્યાની મૂળભૂમિ એવા ભારતમાં તે દિવસે વિરાટ, વિસ્તૃત અને શાનદાર રીતે ઉજવવાના અભિગમમાં ગુજરાત સરકાર પણ રાજયના નાગરિકોમાં આ સિદ્ધાંતોના અનુરોપણ માટે સક્રીય એવા માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણાથી વિશ્વ યોગ દિવસની ઉજવણી થકી ઉતમ ચારિત્ર્ય નિર્માણનો દ્રઢ સંકલ્પ કરવા જીલ્લા પંચાયત, જીલ્લા વહીવટી તંત્ર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે સરસાણા કન્વેન્શન હોલ ખાતે મુખ્ય કાર્યક્રમની સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી કરતા સામૂહિક યોગ નિદર્શન કાર્યક્રમો યોજાયા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧મી જૂન ૨૦૧૬ની સુવર્ણમયી પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની સમજ સાથે સુરત મહાનગરપાલિકાના તમામ કોમ્યુનિટી હોલ, તમામ ઓડિટોરીયમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો, ક્રિકેટના મેદાનો, મંદિરના પટાંગણ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦ થી વધુ સ્થળોએ યોજાયેલા યોગ કાર્યક્રમમાં પુરૂષો ૬૨૪૭૩૩ તથા મહિલાઓ ૭૪૯૧૯ મળી અંદાજીત ૬૯૯૬૫૨ જેટલા લોકો ઉત્સાહભેર જોડાતાં સમગ્ર સુરત શહેર યોગમય બની ગયું હતું. સવારે ૬ કલાકથી સૌ નગરજનો સ્વૈચ્છિક રીતે પોતાને અનુકૂળ અને સફેદ વસ્ત્રોમાં સજજ થઈ પોતાના રહેઠાણ નજીકના યોગ કાર્યક્રમ સ્થળે પહોંચી નામની નોંધણી કરાવી, સાથે લાવેલ શેતરંજી, બ્લેન્કેટ, સાદડી કે આસન પાથરી યોગ સાધનામાં સામેલ થયા હતા. ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો પ્રજાજોગ સંદેશ તથા યોગ અંગેનું નિદર્શન ઉપરાંત માન. મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલના યોગ સંદેશના ઓડીયો વીઝયુઅલ પ્રેઝન્ટેશન થકી યોગની શરૂઆત થઈ હતી. યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, અર્ધ ચક્રાસન, અર્ધ ઉષ્ટ્રાસન, સલભાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, શશકાસન, મકરાસન, ભદ્રાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેનાથી થતા લાભની માહિતી સાથે યોગાસનો કર્યા હતા. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી પ્રાણાયામ કરાવી છેલ્લે શવાસન સાથે ધ્યાનની અનુભુતિ કરાવવામાં આવતાં સૌ કોઈ ઊર્જા–શકિતનો એહસાસ કરતા હતા. શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ વરાછા ઝોન ઓફિસ ખાતે તથા સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશએ ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગઉપવન)ખાતે યોગાસનો કર્યા હતા. સરસાણા ખાતે યોજાયેલ મુખ્ય કાર્યક્રમમાં માન.ગુજરાત વિધાનસભા અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, કલેકટરશ્રી મહેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં લોકો યોગ નિદર્શનમાં સહભાગી થયા હતા.

"આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણીએ શારીરિક, માનસિક અને વૈચારીક તંદુરસ્તી પ્રદાન કરતી યોગ વિદ્યાને દૈનિક જીવનમાં સામેલ કરી જીવનને ઉત્તમોત્તમ બનાવવા લોકો સંકલ્પબધ્ધ થયા હતા.

યોગ એટલે જોડાવું. શરીરને મન અને આત્મા સાથે જોડવાની પ્રક્રિયા છે. યોગ આપણા અંતરમન અને અંતર ઊર્જાને વિકસિત કરવાનું સાધન છે. યોગ્ય માર્ગદર્શનથી યોગ કરવામાં આવે તો બાળક, યુવાન, વૃધ્ધ, રોગી વ્યકિત પણ માનસિક, શારીરિક અને નૈતિક શકિત પ્રાપ્ત કરે છે. યોગના અભ્યાસથી વ્યકિતનું શરીર સ્વસ્થ અને નિરોગી, બુદ્ધિ તેજ બને છે. વ્યકિતનું આયુષ્ય વધે છે. રોગ નિવારણ માટે યોગ એ સૌથી સચોટ, સરળ, સસ્તો અને બિનનુકશાન કારક ઉપાય છે.

ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના તથા દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે હેતુસર યોજાયેલા આ ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, વિવિધ રમત ગમત એસોસિએશનોએ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન હાઈસ્કુલ અને ખાનગી સ્કુલોના શિક્ષકો, પતંજલિ, આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્મકુમારીઝ તથા યોગ વિદ્યાની જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો દ્વારા દરેક ઝોનમાં યોગ પ્રશિક્ષણમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિધાર્થીઓએ યોગની તાલીમ મેળવી યોગ નિદર્શનમાં સહભાગી થયા હતા. શહેરનો દરેક નગરજનો આ કાર્યક્રમથી માહિતગાર બની યોગ કાર્યક્રમમાં જોડાય તે માટે ૧૫ જગ્યાઓએ હોર્ડિંગ અને ૨૫૦ જેટલી જગ્યાએ બેનરો લગાડવામાં આવ્યા હતા. સુરત મહાનગરપાલિકાએ તમામ નગરજનોએ રજીસ્ટ્રેશન કરાવી, આપવામાં આવી રહેલી માહિતી સાથે યોગની તાલીમ લઈ યોગ દિવસ ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરતાં સૌ નગરજનો ઊંમગભેર સામુહિક યોગ નિદર્શનમાં જોડાયા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા યોગના તમામ સ્થળોએ સાઉન્ડ સીસ્ટમ, લાઈટ–પંખા, પીવાના પાણી, લીંબુ પાણી જેવી તમામ આનુષાંગિક સુવિધાઓની, ખાસ મેડીકલ ઓફિસર સાથેની મેડીકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ જનજન સુધી પહોંચે માટે વિવિધ વર્તમાનપત્રોમાં કાર્યક્રમના સ્થળ સાથેની પ્રેસનોટ અને જાહેરાત આપવામાં આવી હતી. સ્થાનિક ચેનલોના સ્ક્રોલ મારફત જાણકારી આપી હતી.

ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ આ "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રી, મ્યુનિસિપલ આધિકારીશ્રીઓ, કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શહેરની વિવિધ કલબો–મંડળો, સીનીયર સીટીઝન, રમતગમતના એસોસીએશનો, શહેરમાં આવેલી વિવિધ યોગ સંસ્થાઓ સુરત મહાનગરપાલિકાને સારો સહકાર પૂરો પાડતાં યોગ કાર્યક્રમોમાં હજારો લોકોએ ઉત્સાહભેર સામુહિક યોગાસન, સાધારણ કસરત, પ્રાણાયામ જેવી યોગક્રિયામાં જોડાઈને વિશ્વના દ્વિતીય "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઐતિહાસિક ઉજવણીમાં ગૌરવભેર ભાગ લઈ આ યશસ્વી ઘટનાના સાક્ષી બન્યાની ધન્યતા અનુભવતા હતા. ઉપરાંત તંદુસ્ત આનંદમય જીવન જીવવા યોગનું મહત્વ સ્વીકારી તેને જીવન શૈલીનો એક ભાગ બનાવી અન્ય લોકોને પણ નિરોગી તંદુરસ્ત જીવન જીવવા યોગ માટે પ્રેરિત કરવા તથા શાંતિ, સ્વાસ્થ, સ્વચ્છતા અને પર્યાવરણ જાળવવા સામાજ કલ્યાણના કાર્ય કરવાના સંકલ્પ સાથે શહેરના યોગપ્રેમી નગરજનોએ ઉત્સાહથી મોટી સંખ્યામાં જોડાઈ વિશ્વના દ્વિતીય "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ના યોગ નિદર્શન કાયક્રમને ખૂબ જ સફળ બનાવ્યો હતો.







૨૧મી જૂન, "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૬ના રોજ વરાછા ઝોન ઓફિસ ખાતે યોજાયેલ યોગ નિદર્શન કાર્યક્રમમાં યોગાસનો કરતા માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા તથા શહેરના વિવિધ વિસ્તારોમાં યોગ નિદર્શન કરતા નગરજનો દ્રશ્યમાન છે.







૨૧મી જૂન, "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ઉજવણી અંતર્ગત [illegible]

**૫૫૯**

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૧.૦૬.૨૦૧૬ નાં રોજ** સાઉથ ઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૩ ફાઈલના **રૂા.૧.૨૭ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૦૫** લોકેશન **(ખાડા) ૧૬૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૦.૪૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા **કુલ–૧૧** લોકેશન(ખાડા) **૫૩૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ–૧૩** લોકેશન, **૨૪૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે, તથા ઉધના રોડ નં.૬ તથા ગણેશનગર વડોદના એરિયામાંથી **૧૬ લારી–ગલ્લાઓ**નું દબાણ દુર કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૪ પાણીના નવા કનેકશન કુલઃ **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦** /– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૧૯** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪.૩** લાખ થયેલ છે. તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧.૯૪** લાખ થયેલ છે., **૧૦** EC તથા ૦૮ RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૪૧૯**/– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૫૦૦**/– વસુલ લેવામાં આવેલ છે. **૨૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૫.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૬૦૦**/– છે.તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૧૦૭૬૭** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪૦૦૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૪૮** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૭૧** કરવામાં આવેલ છે. જયારે **૩૭** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૭,૫૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૬/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૦૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૪૭૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૦૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૪૮૮ કરદાતાઓ પાસેથી રૂા.૨૭,૧૫,૧૫૩/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૨૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૮૪ એન્ટ્રીમાં રૂા.૧,૭૦,૫૪૬/– અને આર.સી.ની ૪૪ એન્ટ્રીમાં રૂા.૨,૪૦,૫૯૧/– મળી કુલ રૂા.૪,૧૧,૧૩૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૪૦/–, રીન્યુઅલની ૧૧ એન્ટ્રીમાં રૂા.૬૬૦/– અને દંડની રકમની ૧૬ એન્ટ્રીમાં રૂા.૨૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

૫૬૧

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

**(૧)** સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૬, નોંધ નં. ૧૫૫૭, મણીયારાશેરી, મહિધરપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારે મંજુર પ્લાન વિરુધ્ધ એક થી પાંચ માળ સુધીમાં આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં માર્જીનવાળા ભાગમાં પ્રોજેકશનમાં કરવામાં આવેલ આર.સી.સી. બીમ તથા સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

**દબાણ દૂર કર્યાની વિગત :–**

**(૨)** સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ અસારાવાલા હોસ્પીટલની બાજુમાં લાગુ રસ્તા તથા ફુટપાથ ઉપર દબાણ કરવાના હેતુસર દબાણ કર્તાઓ ધ્વારા કાઉન્ટર નંગ–૦૩, બંધ લારી નંગ–૦૧ તથા પતરાંની કેબીન નંગ – ૦૧ આજે તા.૨૧/૦૬/૧૬ નાં રોજ સેન્ટ્રલ ઝોન દબાણ વિભાગ ધ્વારા દૂર કરી અત્રેથી જમાં લેવામાં આવેલ છે.

૫૬૨

# <u>પ્રેસનોટ</u>

## <u>" લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા), સાંઈકૃપા ઈન્ડ. સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન "</u>

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા) માં ફા.પ્લોટ નં.૯૯ ખાતે આવેલ સાંઈકૃપા ઈન્ડ. સોસાયટીનાં સબ પ્લોટ નં.૧૧૨ થી ૧૧૭ ના મિલ્કતદાર દ્વારા હયાત ગ્રાઉન્ડ ત્ર ૨ માળની આર.સી.સી. મિલ્કતનાં ટેરેસ પર સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર આ ગાળાઓમાં એમ.એસ. ના પતરાનાં શેડ બાંધવાનું તેમજ ટેરેસ ફરતે ચણતરની દિવાલો ચણી શટરો બેસાડવા સહિતનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરવામાં આવેલ. જે લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના લાગત સ્ટાફનાં ધ્યાને આવતા આજરોજ ડીમોલીશનની કામગીરી હાથ ધરી આશરે ૭૬૮૦ ચો.ફુટ માપવિસ્તારમાં કરેલ સદર ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ.

ઉપરોકત ડીમોલીશનની કામગીરીમાં લિંબાયત ઝોનનાં શહેર વિકાસ વિભાગનાં ડે.ઈજનેરશ્રી, આસી./જુની.ઈજનેરશ્રીઓ, દબાણ ખાતાનાં સુપરવાઈઝર અને ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૧૦ બેલદારો તથા ખાનગી કોન્ટ્રાકટરના ૨૦ થી વધુ માણસોની ટીમ દ્વારા ૦૨–નંગ ગેસ કટરની મદદથી  આ બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૫/૦૬/૧૬ થી તા.૩૦/૦૬/૧૬ દરમ્યાન તા.૨૩/૦૬/૧૬ના રોજ પબ્લીક સર્વીસ ડે નીમીત્તે સુરત શહેર વિસ્તારમાં આવેલ સંસ્થાઓમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ કરવામાં આવતો હોય તો જપ્ત કરવા ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પી.) અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના મુજબ દરેક ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ટીમો બનાવી ઝોન વિસ્તારમાં આવેલ હોટલ/રેસ્ટોરન્ટ, માર્કેટ વિસ્તાર તથા અન્ય સંસ્થાઓમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરવા માટે અભિયાન હાથ ધરવા જણાવેલ હતું.

જે અંતર્ગત **તા.૨૧/૦૬/૧૬**ના રોજ આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફોની ટીમો દ્વારા દરેક ઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ હોટલ/રેસ્ટોરન્ટ, માર્કેટ વિસ્તાર તથા અન્ય સંસ્થાઓમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરવા સઘન ચેકીંગ હાથ ધરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. જેમાં **૩૮૩** સંસ્થાઓ ચેક કરતા પ્રતિબંધિત પ્લાસ્ટીક વપરાશ માલુમ પડતા **૫૭.૭૫૦** પ્રતિબંધિત પ્લાસ્ટીકની કોથળી, થેલી, ઝભલાઓ જપ્ત કરી **૧૭૨** ઈસમો પાસે **રૂા.૨૫,૩૦૦/–**નો વહીવટી ચાર્જ વસુલ કરી ૧૧૭ ઈસમોને નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં દરેક ઝોન વિસ્તારમાં આવેલ સર્કલો, લાઈટપોલ તેમજ જુદા જુદા જાહેર સ્થળોએ બીનઅધિકૃત લગાવેલ પોસ્ટરો/બેનરો જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી જેમાં નાના/મોટા **૮૯૮** બેનરો/પોસ્ટરો જપ્ત કરી **રૂા.૩,૩૦૦/–**નો વહીવટી ચાર્જ વસુલ કરી ૯ ઈસમને નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ કામગીરી આગામી દિવસો દરમ્યાન પણ ચાલુ રાખવામાં આવશે.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા
### માર્કેટ વિભાગ

**<u>ઈસ્ટઝોન (વરાછા) વિસ્તારમાં બિનઅધિકૃત રીતે જાહેરમાં મટન–મચ્છી વિગેરેના વેચાણકર્તા ઈસમો સામે મહાનગરપાલિકાની આકરી કાર્યવાહી.</u>**

સુરત મહાનગરપાલિકાના ઈસ્ટઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૮ એફ.પી.–૪૧ માં આવેલ ખાડી મહોલ્લા, શાક માર્કેટ તેમજ ન.પ્રા.શા. ક્રમાંક–૬૮–૬૯ ને લાગત મ્યુ.શોપીગ સેન્ટરના ફુટપાથ પર બિનઅધિકૃત રીતે જાહેરમાં મટન–મચ્છી વિગેરેના વેચાણકર્તાઓ પ્રતિ કાર્યવાહી કરવાના ભાગરૂપે માર્કેટ વિભાગ મુખ્ય કચેરી દ્વારા વરાછા પોલીસ સ્ટેશનનો પુરતો પોલીસ બંદોબસ્ત મેળવી વરાછા ઝોનના દબાણ ખાતા તથા જાહેર આરોગ્ય ખાતાના સંકલનમાં રહી તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ સાંજના ૧૭:૩૦ કલાકે આકસ્મિક દરોડા પાડી જણાવેલ સ્થળોએ સુરત મહાનગરપાલિકાના કોઈપણ પ્રકારના પરવાના વગર તેમજ સરીયામ રસ્તા પર દબાણ કરી માંસાહારી ખાદ્ય પદાર્થોના વેચાણ કર્તાઓને ઝડપી પાડી તેઓની પાસેથી હાથલારી, લાકડાના ઢીમચા, છરી ચપ્પા, ચીકનના પાંજરા, ટ્રે, ટેબલ, ડ્રમ વિગેરે વ્યવસાયિક સામાન જપ્ત કરી ઈસ્ટ ઝોન દબાણ ખાતામાં જમા કરાવેલ છે તેમજ ચીકન–ઈંડા વિગેરે માંસાહારી ખાદ્ય પદાર્થો જપ્ત કરી યોગ્યતમ નિકાલ કરાવવામાં આવેલ છે. વધુમાં મ્યુ.શોપીગ સેન્ટર ખાતે ઈંડાની વાનગીઓ પીરસતી બે સંસ્થાઓ દ્વારા જાહેરમાં ગંદકીનો ઉપદ્રવ થતો જણાતા સદરહુ બંને સંસ્થાઓના પરવાનેદારો પાસેથી કુલ રૂા.૨૦૦૦/–(અંકે રૂા.બે હજાર પુરા) નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે, ઉકત સ્થળોએ વિષયમાં જણાવ્યા પ્રમાણેનું કુત્ય કરતા જણાય આવેલ ઈસમો પ્રતિ ધી બી.પી.એમ.સી.એકટની વિવિધ કલમો અને જોગવાઈઓ હેઠળ ધોરણસરની કાર્યવાહી થવા સંબંધિત વોર્ડ ઓફિસના મુખ્ય આરોગ્ય નિરિક્ષકશ્રી, આરોગ્ય નિરિક્ષકશ્રી, મદદનીશ આરોગ્ય નિરિક્ષકશ્રી ને લાગત ઈસમો સામે ધી બી.પી.એમ.સી. એકટની કલમ તથા માર્કેટ બાયલોઝમાં જણાવેલ વિવિધ જોગવાઈઓ / કલમો હેઠળ નામ.મ્યુ.કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા જણાવવામાં આવેલ છે એવું માર્કેટ ખાતાએ એક યાદીમાં જણાવ્યુ છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૧૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૯૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૬૭૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૯૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૬૨૪ કરદાતાઓ પાસેથી રૂા.૩૬,૭૨,૯૮૧/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૭૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૩ એન્ટ્રીમાં રૂા.૧,૦૬,૬૪૦/– અને આર.સી.ની ૨૨ એન્ટ્રીમાં રૂા.૫૭,૭૭૦/– મળી કુલ રૂા.૧,૬૪,૪૧૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૫૦૦/– અને દંડની રકમની ૦૮ એન્ટ્રીમાં રૂા.૧૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

**૫૬૬**

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૨.૦૬.૨૦૧૬ નાં રોજ** સાઉથ ઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૨** ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૦૨** લોકેશન **(ખાડા) ૬૫ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૪.૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા **કુલ–૧૯** લોકેશન(ખાડા) **૯૬૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ–૧૪** લોકેશન, **૨૪૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે, તથા મોજે. ઉધના ટી.પી. ૫૮ (બમરોલી), બ્લોક નં. ૧૬૯, ફા.પ્લોટ નં. ૭૦/બી માં **૧૨૦૦ ચો.ફુટ** મેશનરી (દીવાલો) નું ડીમોલીશન કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલઃ **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૮,૫૦૮** /– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૫** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૨૨૨** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨.૫૧** લાખ થયેલ છે. તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૯૪** લાખ થયેલ છે., **૧૯** EC તથા **૧૪** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૯૮૪/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે. ૪૩ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૨** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૩.૬૬૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૩૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૫,૬૫૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૯૪૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪૨૧૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૪૩** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૩૯ કરવામાં આવેલ છે. જયારે **૩૭** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

**" લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૮(ઉમરવાડા) નાં ફા.પ્લોટ નં.૧૪૧ ખાતે કરવામાં આવેલ ડીમોલીશન બાબત "**

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૮(ઉમરવાડા) નાં ફા.પ્લોટ નં.૧૪૧ ખાતે આવેલ "સુરત ટેક્ષટાઈલ માર્કેટ" માં સંચાલકો દ્વારા પ્રથમ માળે કોમન પેસેજ (લોબી) વાળા ભાગમાં દિવાલો ચણી આશરે ૫૧૬ ચો.ફુટ તથા બીજા માળે પણ આ જ પ્રકારે ૫૧૬ ચો.ફુટ ક્ષેત્રફળ માપવિસ્તારમાં એટલે કે ૧૦૩૨ ચો.ફુટ માં ૦૮(આઠ) દુકાનો સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજૂરી વિના તાણી બાંધવામાં આવેલ. જે બાબતે ઝોન કચેરીને ફરીયાદ પણ પ્રાપ્ત થયેલ. જેના અનુસંધાને આજરોજ શહેર વિકાસ તથા દબાણ વિભાગની ટીમ દ્વારા આ ૦૮(આઠ) દુકાનોનાં શટર્સ, બોર્ડ બેનર્સ વિગેરે દુર કરવામાં આવેલ તથા માલસામાન જપ્ત કરવામાં આવેલ. આ ઉપરાંત આ દુકાનોની આંતરિક પાર્ટીશન દિવાલો બાબતે માર્કેટના પ્રમુખ / સેક્રેટરીશ્રી પાસેથી લેખિત બાંહેધરી દિન–૧૦ (દસ) માં દુર કરવા મેળવવામાં આવેલ છે. આ ડિમોલીશન કાર્યવાહી અન્વયે રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે.

આ કામગીરી અન્વયે સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં સંકલિત સબઝોનનાં ડે.ઈજનેરશ્રી, આસી.ઈજનેરશ્રી, દબાણ ખાતાનાં ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૧૦ થી વધુ બેલદારો તથા ખાનગી કોન્ટ્રાકટરના ૦૫ થી વધુ માણસોની ટીમ દ્વારા આ બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 567 - 1[illegible]
તા.૨૨/૦૬/૨૦૧૬

## :: પ્રેસનોટ ::

### શાસ્ત્રીય સંગીત સમારોહ ''સૂર પ્રભાત''

શહેરની કલા પ્રેમી જનતાને ઘર આંગણે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓનો લાભ મળે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા કલા–સંસ્કૃતિનાં જતન માટે વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. ૨૪મી જૂન, સંગીત માર્તંડ પં.શ્રી ઓમકારનાથજીના જન્મ દિન નિમિત્તે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૨૪ થી ૨૬ જુન ૨૦૧૬ દરમ્યાન ત્રિદિવસીય શાસ્ત્રીય સંગીત સમારોહ ''સૂરપ્રભાત''નું આયોજન સવારે ૮.૩૦ કલાક થી સવારે ૧૧.૩૦ કલાક સુધી પરફોર્મીગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. ત્રણ દિવસ સુધી યોજાનારા આ શાસ્ત્રીય સંગીત સમારોહને તા.૨૪/૦૬/૨૦૧૬ના રોજ સવારે ૮.૩૦ કલાકે શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાના પ્રમુખપણા હેઠળ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢવીની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ સાંસદ, ધારાસભ્યશ્રીઓ અને મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં દીપપ્રગટાવી શુભારંભ કરાવશે. પ્રથમ દિવસે પ્રણવ પારિજાત સંસ્થા અને ડૉ.શીખા સોમૈયા પંડિતશ્રી ઓમકારનાથજીની રચનાઓ રજુ કરશે. શ્રી ભગીરથ ભટ્ટ સિતારવાદન તથા શ્રી વિરાજ અમર વોકલ પર સાથ આપશે. તા.૨૫/૦૬/૨૦૧૬ના રોજ શ્રી પ્રહર વોરા સેમી કલાસીકલ સૂરો રેલાવશે. શ્રી સુધીર યાર્ડી હાર્મોનિમ સોલો કરશે જેને શ્રી નિરજ પરીખ સાથ આપશે, તા.૨૬/૦૬/૨૦૧૬ના રોજ હાજી કૌસર સેમી કલાસીકલ સંગીત રજુ કરશે. ઉસ્તાદ ઈકરામખાનના સારંગી સાલોને ઉસ્તાદ શૌકલહુશેનખાં વોકલ પર સાથ આપશે. સંગીત માર્તંડ પં.શ્રી ઓમકારનાથજીના જન્મદિન નિમિત્તે તેઓને સ્વરાંજલિ અર્પણ કરતા તા.૨૪ થી ૨૬ જૂન સુધી યોજાનાર આ શાસ્ત્રીય સંગીત સમારોહ ''સૂર પ્રભાત'' જાહેરજનતા માટે વિનામૂલ્યે તથા પ્રવેશ પહેલા તે વહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, સંગીતપ્રેમી નગરજનોએ સમયસર ઉપસ્થિત રહેવા નિમંત્રિત કરે છે.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૬/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૩૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૭૪૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૫૯૦ કરદાતાઓ પાસેથી રૂા.૩૭,૫૮,૧૫૬/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૭૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૭ એન્ટ્રીમાં રૂા.૧,૧૪,૦૯૦/– અને આર.સી.ની ૨૦ એન્ટ્રીમાં રૂા.૮૪,૫૧૨/– મળી કુલ રૂા.૧,૯૮,૬૦૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૬૦/– રીન્યુઅલની ૧૫ એન્ટ્રીમાં રૂા.૮૧૦/– અને દંડની રકમની ૧૫ એન્ટ્રીમાં રૂા.૨૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

**૫૭૦**

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના), ટી.પી.૬૭ (જીયાવ–સોનારી–ગભેણી), ફા.પ્લોટ નં.૩૫૦ ને લાગુ ૧૮ મી.ના ટી.પી. રસ્તામાં નડતરરૂપ ૧૩૫૦ ચો.ફુટ પતરા અને લાકડાં–પાટીયાનાં બાંધકામ તથા ૭૦૦ ચો.ફુટ મેશનરીનું બાંધકામ દુર કરી અંદાજીત ૬૦ મી. લંબાઈનો રસ્તો ખુલ્લો કર્યો છે.

સાઉથ ઝોન (ઉધના), ટી.પી.૬૩ (વડોદ), ફા.પ્લોટ નં.૭૧, સત્ય સાંઈનગર સોસા.માં સબ પ્લોટ નં. ૧૫૬ થી ૧૬૦ અને ૧૨૭ થી ૧૩૦ ખાતે ૩૦૦ ચો.ફુટ મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે ૨૫,૦૦૦/–, ડિપોઝીટ પેટે ૨૫,૦૦૦/– તથા ૨,૦૦૦/– સી.ડી. વેસ્ટ ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

**૫૭૧**

## પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૨૩.૦૬.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૪** ફાઈલના **રૂા.૦.૭૭ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૦૩ લોકેશન (ખાડા) ૧૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૭.૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા **કુલ**–**૧૦** લોકેશન(ખાડા) **૬૫૫ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ**–**૦૯** લોકેશન, **૪૦૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે, તથા સાઉથ ઝોન (ઉધના), ટી.પી.૬૭ (જીયાવ–સોનારી–ગભેણી), ફા.પ્લોટ નં.૩૫૦ ને લાગુ **૧૮ મી.**ના ટી.પી. રસ્તામાં નડતરરૂપ **૧૩૫૦ ચો.ફુટ** પતરા અને લાકડાં–પાટીયાનાં બાંધકામ તથા **૭૦૦ ચો.ફુટ** મેશનરીનું બાંધકામ દુર કરી અંદાજીત **૬૦ મી.** લંબાઈનો રસ્તો ખુલ્લો કર્યો તથા સાઉથ ઝોન (ઉધના), ટી.પી.૬૩ (વડોદ), ફા.પ્લોટ નં.૭૧, સત્ય સાંઈનગર સોસા.માં સબ પ્લોટ નં. ૧૫૬ થી ૧૬૦ અને ૧૨૭ થી ૧૩૦ ખાતે **૩૦૦ ચો.ફુટ** મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે **૨૫,૦૦૦/**–, ડિપોઝીટ પેટે **૨૫,૦૦૦/**– તથા **૨,૦૦૦/**– સી.ડી. વેસ્ટ ચાર્જ વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલઃ **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/**– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૬૭** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૨૬૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૦.૫૮** લાખ થયેલ છે. તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૭૧** લાખ થયેલ છે., **૧૭** EC તથા **૧૧** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૩૯૧/**– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૬૦૦/**– વસુલ લેવામાં આવેલ છે. **૨૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૭** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૪** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૨૫.૮૫૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૬** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૩,૯૦૦/**– છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૧૬૩** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૪૪૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૬૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૨૮** કરવામાં આવેલ છે. જયારે **૩૪** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૬૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

## -: પ્રેસનોટ :-

<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૨/૦૬/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી. ૫૮ (બમરોલી), બ્લોક નં. ૧૬૯, ફા.પ્લોટ નં. ૭૦/બી ખાતે ૧૨૦૦ ચો.ફુટ મેશનરી (દીવાલો) બાંધકામ નું ડીમોલીશન કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...5.7.2...[illegible].
તા.૨3-૦૬-૨૦૧૬

૫૭૩

# પ્રેસનોટ

## '' લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૪૦(લિંબાયત–ડીંડોલી) નાં રીઝર્વેશન પ્લોટ નં.આર–૧૮ ખાતે કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી ''

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૪૦(લિંબાયત–ડીંડોલી) નાં રીઝર્વેશન પ્લોટ નં.આર–૧૮ માં અજાણ્યા ઈસમો દ્વારા ઘણા સમયથી ગેરકાયદેસર રીતે દબાણ કરી મંડપનો સામાન વિગેરે મુકવા ખાતર કાચા–પાકા લાકડા–પતરાનાં મકાન બાંધવામાં આવેલ. જે અત્રેના શહેર વિકાસ વિભાગના લાગત સ્ટાફને ધ્યાને આવતા સદર દબાણ દુર કરવા વારંવાર ચેતવણી આપવામાં આવેલ. પરંતુ સદર દબાણ દુર ન કરાતા ગત તા.૨૨/૦૬/૨૦૧૬ તથા આજ તા.૨૩/૦૬/૨૦૧૬ નાં રોજ સદર ગેરકાયદેસર દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરી આશરે ૦૩–નંગ લારી–ગલ્લા દુર કરી આશર ૧૦૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી દરમ્યાન સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં સંકલિત સબઝોનનાં ડે.ઈજનેરશ્રી, જુની.ઈજનેરશ્રી, સુપરવાઈઝર, દબાણ ખાતાનાં ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૨૦ થી વધુ બેલદારોની ટીમ રોકાયેલ. અને કામગીરી સુપેરે પાર પાડેલ.

૫૭૫

# <u>પ્રેસનોટ</u>

## " લિંબાયત ઝોનમાં મેઈન ટી.પી. રોડ પર ગેરકાયદેસર દુકાનો અને તેના દબાણ દુર કરવાની કામગીરી "

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૧(પરવત–ગોડાદરા) માં આવેલ પટેલનગર સોસાયટી, ભારદ્વાજનગર સોસાયટીના મિલ્કતદારો દ્વારા તેમજ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી)ના પ્રિયંકા ટાઉનશીપના મિલ્કતદારો દ્વારા મેઈન રોડને ટચ રહેણાંક હેતુસર દુકાનોના શટરબેસાડી દેવામાં આવેલ સદર દુકાનોને રોડને અડીને કરતાં રોડ પર વાહનોના પાર્કીગનુ દબાણ થતુ તેમજ કેટલાંક દુકાનોવાળા ગેરેજ ચાલુ કરતાં મેઈન રોડ પર વાહનો રીપેરીંગ કરવાથી રોડ પર દબાણ થતુ હતુ.

ઉપરોકત દબાણ દુર કરવા અને ગેરકાયદેસર દુકાનો સામે કડક કાર્યવાહી કરવા આજરોજ તા.૨૪/૦૬/૨૦૧૬ ના રોજ ઝુંબેશ રૂપે કડક પગલાં લેવામાં આવેલ. ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા), ફા.પ્લોટ નં.૧૧૭ પટેલ નગરના સબપ્લોટ નં. ૨૨૩ માં મિલ્કતદારે એક જ મિલ્કતમાં ૦૪(ચાર) જેટલાં શટર લગાવી હેતુ ફેર કરી જેને આજરોજ ઝોનના શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગ દ્વારા ખેંચી કાઢી જમા લેવામાં આવેલ.

સદર ટી.પી.સ્કીમમાં સમાવિષ્ટ ફા.પ્લોટ નં. ૧૧૬ માં ગોડાદરા ડબલ ફાટક પાસે આવેલ ભારદ્વાજનગર સોસાયટીના ૧૫૦.૦૦ ફુટ ના ટી.પી. રોડને ટચ આવેલ મિલ્કતો પ્લોટ નં. ૨,૮,૯,૧૦,૧૩,૧૪,૧૮,૧૯,૨૦/એ,૨૦/બી, ૨૧ તથા ૨૪ ના મિલ્કતદારઓ રોડ ટચની મિલ્કતનો લાભ લેવા માર્જીન/પાર્કીગ છોડીયા વગર ગેરકાયદેસર રીતે રહેણાંક હેતુની મિલ્કતમાં હેતુફેર કરી શટર લગાવી દુકાનો બનાવી દેવામાં આવેલ. જેને આજ રોજ દુર કરી શટર જપ્ત કરવામાં આવેલ. ઉપરાંત સદર સોસાયટીના પ્લોટ નં. ૨,૫,૬,૧૦ ના મિલ્કતદાર/કબ્જેદારોએ રસ્તાના ભાગમાં આવેલ ફુટપાથ પર લોખંડના દાદર ઈરેકટ કરી દીધેલ જેને જે.સી.બી. મશીનથી ખેંચી કાઢી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ. સદર ઝુંબેશ દરમ્યાન સ્થાનિક હિત ધરાવતાં લોકો દ્વારા મહાનગરપાલિકાના સ્ટાફ જોડે જીભાજોડી કરી કાર્યવાહીમાં દખલ કરતાં પોલીસની મદદ લઈ દબાણ દુર કરવામાં આવેલ.

તે જ રીતે મંજુર ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી)ના ફા.પ્લોટ નં. ૨૭૪/એ/૧ માં આવેલ પ્રિયંકા ટાઉનશીપના પ્લોટ નં. ૧૭માં ૦૨(બે) નંગ શટર અને પ્લોટ નં. ૩૭માં ૦૨(બે) નંગ શટર મિલ્કતદારોએ રહેણાંકના હેતુસરની મિલ્કતમાં લગાવી હેતુફેર કરેલ જેને આજરોજ ખેંચી કાઢી, દુર કરી શટર્સ જમા લેવામાં આવેલ.

તદઉપરાંત મંજુર ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી)ના ફા.પ્લોટ નં. ૮૭/એ/૧ માં આવેલ મહાદેવનગર વિભાગ – ૩ સોસાયટીના સબપ્લોટ નં. ૯ અને ૧૦ ના મિલ્કતદારો દ્વારા હયાત ગ્રાઉન્ડ + ૧ માળની ઉપર ગેરકાયદેસર રીતે બીજો માળ ચાલુ કરી દેતાં અત્રેની ઝોન કચેરીએથી તેને વારંવાર અટકાવી ચેતવણી આપવામાં આવેલ. પરંતુ મિલ્કતદારે કામ ચાલુ રાખતાં આજરોજ ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરેલ. જેમાં ત્રીજા માળે કરેલ આશરે ૧૦૦૦ ચો.ફુટ ચણતરની દિવાલ દુર કરવામાં આવેલ તેમજ બીજા માળના આશરે ૧૦૦૦ ચો.ફુટ જેટલો આર.સી.સી. બીમ સહિતનો આર.સી.સી. સ્લેબ ડીમોલીશન કરવાનુ કામ ચાલુ કરેલ જે હાલ પ્રગતિ હેઠળ છે.

આમ, લિંબાયત ઝોન દ્વારા આજ રોજ મેઈન ટી.પી રોડને ટચ ગેરકાયદેસર રીતે દુકાન બનાવી હેતુ ફેર કરી લગાવવામાં આવેલ ૨૦(વીસ) નંગ જેટલા શટર્સ દુર કરી જમાં લેવામાં આવેલ ઉપરાંત ૧૦૦૦ ચો.ફુટ જેટલુ ચણતર દુર કરેલ અને આર.સી.સી. સ્લેબ ના ડીમોલીશનની કાર્યવાહી ચાલુ રાખવામાં આવેલ.

ઉપરોકત કામગીરી દરમ્યાન સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં સંકલિત સબઝોનનાં ડે.ઈજનેરશ્રીઓ, આસી./જુની.ઈજનેરશ્રીઓ, દબાણ ખાતાનાં સુપરવાઈઝર અને ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૩૦ થી વધુ બેલદારોની ટીમ રોકાયેલ. તેમજ જે.સી.બી મશીનની મદદથી કામગીરી સુપેરે પાર પાડેલ.

૫૭૬

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૭/૦૬/૨૦૧૬ થી તા.૨૩/૦૬/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૯,૦૮૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૦,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૨૪૫.૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૫૬.૬૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૧૩ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૫,૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૦૦ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૪,૮૪૦ અને ૭,૩૯૮ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૯૭,૮૧૦/– અને રૂા.૨,૯૬,૫૭૦/– રકમ મળી કુલ રકમ રૂા.૪,૯૪,૩૮૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૬/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૩૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૭૪૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૫૯૦ કરદાતાઓ પાસેથી રૂા.૩૭,૫૮,૧૫૬/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૭૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૭ એન્ટ્રીમાં રૂા.૧,૧૪,૦૯૦/– અને આર.સી.ની ૨૦ એન્ટ્રીમાં રૂા.૮૪,૫૧૨/– મળી કુલ રૂા.૧,૯૮,૬૦૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૬૦/– રીન્યુઅલની ૧૫ એન્ટ્રીમાં રૂા.૮૧૦/– અને દંડની રકમની ૧૫ એન્ટ્રીમાં રૂા.૨૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

# પ્રેસનોટ

## પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં દબાણ હટાવવાની તથા રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ ઉઠાવવાની કરવામાં આવેલ ઝુંબેશ

સુરત શહેરમાં જાહેર રસ્તા પર બિલ્ડીંગ મટીરીયલ નાખવું નહીં જે મુજબની જાહેર નોટીસ હોય તેમ છતાં રસ્તા ઉપર બિલ્ડીંગ મટીરીયલ નાખેલ જે અન્વયે અત્રેથી સઘન ઝુંબેશ શરૂ કરી

(૧) **તા.૨૨/૦૬/૨૦૧૬**ના રોજ પાલ ગામતળ, અડાજણ–પાલ વિસ્તારમાંથી ૩(ત્રણ)ગાડી–બિલ્ડીંગ મટીરીયલ અને રૂા.૩૨,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ તથા વેસ્ટર્ન સીટી, પાલ વિસ્તારમાંથી લારી નંગ–૧૫(પંદર) જમા લેવામાં અવેલ છે.

(૨) રસ્તા પર મુકવામાં આવેલ લારીઓ બાબતે વખતો વખત સૂચનાઓ આપવા છતાં તેમજ લારીઓ જપ્ત કરી દંડ વસુલ લેવામાં આવેલ છતાં ફરીથી લારીઓ મુકાતા અત્રેથી **તા.૨૩/૦૬/૨૦૧૬**ના રોજ સરોજીની નાયડુ માર્કેટની આસપાસ પાલનપુર જકાતનાકા વિસ્તારમાં લારી નંગ–૧૦(દસ)જમા લેવામાં આવેલ છે. તથા રાંદેર–જહાંગીરપુરા મેઈન રોડ પરથી ૩(ત્રણ) ગાડી બિલ્ડીંગ મટીરીયલ અને રૂા.૨૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

(૩) **તા.૨૪/૦૬/૨૦૧૬**ના રોજ ટી.પી.૩૦(રાંદેર) વિસ્તારમાં માર્જીન વાળા ભાગમાં ટ્રાફિકને અડચણરૂપ પતરાંના શેડ બનાવી દબાણ કરવામાં આવેલ જે અન્વયે અત્રેથી અંદાજીત ૧૮૦૦.૦૦ ચો.ફુટ જેટલા પતરાંના શેડ દૂર કરવામાં આવેલ તથા રૂા.૧૧,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

**:: પ્રેસનોટ ::**

## <u>ત્રિદિવસીય શાસ્ત્રીય સંગીત સમારોહ ''સૂર પ્રભાત''નો શુભારંભ</u>

૨૪મી જૂન, સંગીત માર્તંડ પં.શ્રી ઓમકારનાથજીના ૧૧૯માં જન્મદિન નિમિત્તે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૨૪ થી ૨૬ જુન ૨૦૧૬ દરમ્યાન દરરોજ સવારે ૮.૩૦ કલાક થી સવારે ૧૧.૩૦ કલાક સુધી શાસ્ત્રીય સંગીત સમારોહ ''સૂરપ્રભાત''નું આયોજન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. ત્રણ દિવસ સુધી યોજાનારા આ શાસ્ત્રીય સંગીત સમારોહને તા.૨૪/૦૬/૨૦૧૬ના રોજ સવારે ૮.૩૦ કલાકે શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢવી, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસકપક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, આમંત્રિત ગણમાન્ય સંગીતજ્ઞોએ દીપપ્રગટાવી શુભારંભ કરાવ્યો હતો. પ્રથમ દિવસે પં.ઓમકારનાથજી ઠાકુરના પુત્ર સમાન સ્વ.પંડિત પ્રદીપ દિક્ષીતના પત્નિ ડૉ.અર્ચના દિક્ષીત અને ડૉ.શીખા સોમૈયા પંડિતશ્રી ઓમકારનાથજીની સ્વરચિત રચનાઓ રજુ કરી હતી. ડૉ.અર્ચના દિક્ષીતે પં.ઓમકારનાથજી દ્વારા સ્થાપિત કોલેજમાં શિક્ષણ મેળવી ત્યાંથી જ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ તરીકે નિવૃત્ત થયાં છે. ડૉ. શિખા સોમૈયા સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મીંગ આર્ટ, સુરતના ડિરેકટરના પદ પર કાર્યરત છે. શ્રી ભગીરથ ભટ્ટએ સિતારવાદનથી સંગીતરસિકોને રસતરબોળ કર્યા હતા. શ્રી ભગીરથ ભટ્ટએ એમ.એસ.યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે. જેમણે ઘણાં દેશોમાં સિતારવાદન કર્યું છે. ૮ વર્ષની ઉંમરથી તેઓના પિતાશ્રી પંકજભાઈ ભટ્ટ પાસેથી તાલીમ લઈ હાલ ઉસ્તાદ અસદખાન પાસે તાલીમ લઈ રહ્યા છે. શ્રીમતી વિરાજ અમરે રાગ દેસ, વિલંબીત ત્રિતાલ અને સૂર મલ્હાર પ્રસ્તુત કરી પ્રેક્ષકોના મન ડોલાવ્યા હતા. 'સૂરપ્રભાત' કાર્યક્રમના પ્રથમ દિવસના સૂરીલી સવારમાં ભાષા, તાલ અને રાગોના વૈવિધ્ય પીરસીને ઉપસ્થિત સંગીતરસિક નગરજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતાં.

હવે તા.૨૫/૦૬/૨૦૧૬ના રોજ શ્રી પ્રહર વોરા સેમી કલાસીકલ સૂરો રેલાવશે. શ્રી સુધીર યાર્ડી હાર્મોનિયમ સોલો કરશે, જેને શ્રી નિરજ પરીખ સાથ આપશે, તા.૨૬/૦૬/૨૦૧૬ના રોજ હાજી કૌસર સેમી કલાસીકલ સંગીત રજુ કરશે. ઉસ્તાદ ઈકરામખાનના સારંગી સાલોને ઉસ્તાદ શૌકલહુશેનખાં વોકલ પર સાથ આપશે. સંગીત માર્તંડ પં.શ્રી ઓમકારનાથજીના જન્મદિન નિમિત્તે તેઓને સ્વરાંજલિ અર્પણ કરતા તા. ૨૬ જૂન સુધી યોજાનાર આ શાસ્ત્રીય સંગીત સમારોહ ''સૂર પ્રભાત'' જાહેરજનતા માટે વિનામૂલ્યે તથા પ્રવેશ પહેલા તે વહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, સંગીતપ્રેમી નગરજનોએ સમયસર ઉપસ્થિત રહેવા નિમંત્રિત કરે છે.







૫૮૧

# :: પ્રેસનોટ ::

"તાપી નદીની જન્મજયંતિ ઉજવણી અંતર્ગત ચિત્રકામ સ્પર્ધા

સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૭/૨૦૧૬ને શુક્રવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે ધો.૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ અને ૧૮ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગની ચિત્રકામ સ્પર્ધાનું આયોજન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટેના પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધાના પ્રવેશફોર્મ તથા નિયમો અંગેની માહિતી મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો **તા.૦૫/૦૭/૨૦૧૬ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં પરત કરવાના રહેશે.**

૫૮૫

# –: પ્રેસનોટ :–

## સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧, નોંધ નં.૭૬૨, બેજનજી કોટવાલ સ્ટ્રીટ, નાનપુરા, સુરત વાળી મિલ્કતમાં અગાઉ બે મજલાની ઈમારત હતી. જેના માલિક વિજયભાઈ ઈશ્વરભાઈ માસ્તર તથા કબજેદાર દક્ષાબેન રાજેશભાઈ ચૌહાણ અને તેમના વારસદારો હતાં. ઉકત મિલ્કત બિસ્માર થતાં ભાડુત અને મકાન માલિક વચ્ચેની તકરાર થયેલ. જે અન્વયે બીજા એડી. સીની સીવીલ જજ સાહેબની કોર્ટમાં દાવો દાખલ થયેલ. જે અંગે નામદાર કોર્ટે કબજેદારના કબજા ભોગવટાવાળી મિલ્કત ઉતારવી નહીં કે તેમા તોડફોડ થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી એવો હુકમ ફરમાવેલ. નામદાર કોર્ટનો મનાઈ હુકમનો ભંગ કરી મિલ્કતના માલિક ધ્વારા સદરહુ મિલ્કતને જમીનદોસ્ત કરેલ. ત્યાર બાદ આ મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના ધંધાકીય ગોડાઉનના હેતુસર એંગલ, ગર્ડર તથા પતરાંના શેડનું બાંધકામ મિલ્કતદાર ધ્વારા ઉભું કરવામાં આવેલ. જે સંબંધે કબજેદાર અને ફરીયાદી ધ્વારા સુરત મહાનગરપાલિકામાં ફરીયાદ કરતાં સેન્ટ્રલ ઝોન ધ્વારા ગેરકાયદેસર બાંધકામ સબબ કારણ દર્શક નોટીસ તેમજ મનાઈ હુકમ મિલ્કતદારને ફરમાવેલ. જે નોટીસોનું પણ ઉલ્લંઘન કરી મિલ્કતદાર ધ્વારા બાંધકામ ચાલુ રખાતા આજે તા.૨૪/૦૬/૧૬ ના રોજ સેન્ટ્રલ ઝોન, શહેર વિકાસ વિભાગનો સ્ટાફ, દબાણ સ્ટાફ તથા અઠવા પોલીસ સ્ટેશનના સ્ટાફની મદદથી કાયદેસરની નોટીસ પાઠવી આશરે ૨૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે તથા મિલ્કતદાર પાસેથી દંડકીય કાર્યવાહીના ભાગરૂપે વહીવટી ચાર્જ વસૂલવાની કાર્યવાહી શરૂ કરેલ છે.

# <u>પ્રેસ નોટ</u>

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૫ જુન, ૨૦૧૫ના રોજ સ્માર્ટ સીટી મિશનની શરૂઆત કરવામાં આવેલ હતી. સ્માર્ટ સીટી મિશનની પ્રથમ વર્ષગાંઠ ૨૫ જુન, ૨૦૧૬ ના રોજ છે. જે નિમિતે સ્માર્ટસીટી મિશન અંતર્ગત સ્માર્ટ સીટી પ્રોજેકટસના અમલીકરણની પ્રક્રિયામાં નાગરિકોના અભિપ્રાય/ સુચનો મેળવવા માટે ભારત સરકાર દ્વારા www.mygov.in વેબસાઈટ પર નાગરિકોના સહકાર દ્વારા ક્રો-ક્રિએશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે, જેનું શીર્ષક "Make Our Surat City Smart" છે. આ શીર્ષક અન્વયે કુલ બે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં પ્રથમ તબકકામાં હાલમાં એરિયા બેઈઝડ ડેવલપમેન્ટ વિસ્તારમાં એટલે કે વરાછા તેમજ લિંબાયત ઝોન હેઠળની સાત ટી. પી. સ્કીમ, ટી.પી.૭(આંજણા), ટી.પી. ૮(ઉમરવાડા), ટી.પી.૧૯(પરવત–મગોબ), ટી.પી.૩૩(ડુંભાલ), ટી.પી.૩૪(મગોબ–ડુંભાલ), ટી.પી.૫૩ (મગોબ–ડુંભાલ), ટી.પી.૬૪ (ડુંભાલ–મગોબ) વિસ્તાર પૈકીના (૧) અર્ચના સર્કલથી આઈ માતા સર્કલથી કબૂતરખાનાથી ડુંભાલ ફાયર સ્ટેશન વચ્ચેનો રોડ તથા મિલેનિયમ માર્કેટની પાછળના ભાગમાં સુરત મહાનગરપાલિકાના મલ્ટી લેવલ પાર્કિંગ પાસે આવેલ જંકશન, (૨) ટી.પી.૬૪(ડુંભાલ–મગોબ), ફા.પ્લોટ નં.આર/૭ ખાતે લેન્ડમાર્ક ટેક્ષટાઈલ માર્કેટની પાછળના ભાગમાં આવેલ પાર્ક(ગાર્ડન) ની પસંદગી સ્પર્ધા માટે કરવામાં આવેલ છે. આ બંને કોમ્પોનેન્ટને વધુ આકર્ષક અને ઉપયોગી બનાવવા માટેના સુચનો આપવા નાગરિકો ભારત સરકારની www.mygov.in વેબસાઈટ પર સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને સુરત મહાનગરપાલિકા તરફથી ઈનામ એનાયત કરવામાં આવશે. પસંદ કરવામાં આવેલ બંને ભાગની સર્વે કામગીરી સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૭ જુનથી તા.૧૯ જુન, ૨૦૧૬ દરમ્યાન ભારત સરકાર દ્વારા મોકલવામાં આવેલ એક સ્પેશિયલ ટીમના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવેલ છે.

ભારત સરકારની સ્પેશિયલ ટીમના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ સર્વેની વિગતો www.mygov.in વેબસાઈટ પર મુકવામાં આવશે. સદર વિગતો ધ્યાને લઈ સુરતના શહેરીજનો "Make Our Surat City Smart" સ્પર્ધામાં ૨૫ જૂન, ૨૦૧૬ થી ભાગ લઈ શકશે. સુરત મહાનગરપાલિકા માન્ય જયુરી પેનલ દ્વારા પસંદગી પામેલ સ્પર્ધામાં વિજેતાના સુચનો/અભિપ્રાયો ધ્યાને લઈને "વિઝયુઅલ ઈમ્પ્રુવમેન્ટ ઈન એરિયા" અંતર્ગત સદર વિસ્તારને વધુ સુંદર બનાવવા માટે અમલ કરાવવામાં આવશે. સુરત મહાનગરપાલિકાનો ધ્યેય સુરત શહેરને માત્ર ટેકનોલોજીથી જ નહી પરંતુ શહેરીજનોના બહુમુલ્ય સુચનો ધ્યાને લઈને સ્માર્ટ બનાવવાનું છે. ૨૫ જુન, ૨૦૧૬ના રોજ સ્માર્ટ સીટી મિશનની પ્રથમ વર્ષગાંઠ નિમિતે સુરત મહાનગરપાલિકા દ્વારા (૧) SMAC  સેન્ટર (સુરત સ્માર્ટ સીટી સેન્ટર) તથા (૨) ITMS (ઈન્ટેલીજન્ટ ટ્રાન્ઝિટ મેનેજમેન્ટ સીસ્ટમ) ના પાયલોટ તબકકાના પ્રોજેકટનું લોકાર્પણ કરવાનું આયોજન હોય, ભારત સરકાર તરફથી શહેરી વિકાસ મંત્રાલય ચીફ કન્ટ્રોલર ઓફ એકાઉન્ટસ શ્રી શ્યામ એસ. દુબે, આઈ.સી.એ.એસ. તા.૧૮/૦૬/૨૦૧૬ના રોજ સુરત શહેરની મુલાકાતે આવેલ હતાં.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર'
સમાચાર યાદી નં. ૫૮૬
તા.૨૪-૦૬-૨૦૧૬

# ડ્રાય ડે

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૨૫/૦૬/૧૬</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં નાગોરીવાડ,તાતવાડા,વ્હોરવાડ,વલીમુન્શી ટેકરો ભરવાડ ફળીયું,ગોપીપુરા,હિલ્લુવાલાનો ટેકરો,કબીર મંદિર, વ્હોરા કબ્રસ્તાન જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં નુરેઈલાહી ટેનામેન્ટ,અડાજણ ભંડારીવાડ અગિયારી મહોલ્લો,હિદાયત નગર સોસાયટી,પ્રશાંતનગર–૧,સાઈટ એન્ડ સર્વિસ ઝુંપડપટ્ટી જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં સુમનદેસાઈની વાડી,કાલીયા તળાવ,અપેક્ષાનગર,જય જવાન જય કિશાનનગર,પ્રિયંકા ગ્રીન પાર્ક,સફારી કોમ્પલેક્ષ પાછળ EWS આવાસ,હૈદરી નગર,સિદદીકીનગર જેવા વિસ્તારોમાં,લિંબાયત ઝોનમાં રમાબાઈ ચોક,આઝાદ ચોક, બ્લોક નં.૨,૩,૪ મીઠીખાડી લિંબાયત,ચીમની ટેકરા, ગાંધીનગર,શિવ હિરાનગર–૧,૨,જીગ્નાનગર,બજરંગનગર, ગુ.હાઉસીંગ બોર્ડ જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં નિર્મળનગર,ઈ.ડ.એસ.કવાટર્સ,હેડગેવારનગર,ક્રિષ્ણા નગર,હળપતિવાસ,વડવા સ્ટ્રીટ જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં રૂપલનગર,અગીયારી છાપરી,વિહાર સો.,જેકેપીનગર,હળપતિવાસ,ઉત્રાણ,એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં મફતનગર,આંબેડકરનગર,રેશમભવન,સ્વામીનારાયણનગર–૨,રામીપાર્ક સો., તેજેન્દ્રપાર્ક સો.,ભગીરથ,સહજાનંદ સો–૧,૨,રચના સો.,છીપવાડ, ટાંકીપાળ ઝું., ખડી ફળિયું,તુલસીશ્યામ સો., સરસ્વતી સો., સંગના સો., કેશવમાધવ એપા., ઓમકાર સો., જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૦૬૩૨ | ૯૧૯૧૩ | ૨૩૪ | ૧૩૭૨૭ | ૧૩૧૫ | ૨૭૮૫ | ૧૪૩ | ૫૫૯૦૦ | ૮૮ | ૩૮૦૨૮ | ૨૩૪૨૧ |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.
તા. ૨૫–૬–૨૦૧૬

# પ્રેસનોટ

"સ્માર્ટ સીટીની પ્રથમ વર્ષગાંઠ" નિમિતે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને ગુણવત્તાયુકત અને પરિણામલક્ષી જનસેવાઓ અવિરત મળી રહે તે હેતુથી માન.મેયરશ્રી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખપદે માન.મંત્રીશ્રી,નાણાં,ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, ખાણખનિજ,કુટિર ઉધોગ,ગુજરાત રાજય શ્રી સૌરભભાઈ પટેલના વરદ્હસ્તે ગાંધીખંડ,મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા,સુરત ખાતે તૈયાર કરેલ અદ્યતન સ્માર્ટ સીટી સેન્ટરનું લોકાર્પણ અને I.T.M.S.(Intelligent Transit Management System) એપ્લીકેશનનું લોન્ચીંગ તથા ગાંધી સ્મૃતિભવન ખાતે વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત કરવામાં આવેલ વિવિધ પ્રકલ્પો હેલ્થ સેન્ટર,વોર્ડ ઓફિસ,વાંચનાલય, આંગણવાડી,સિનિયર સિટીઝન સેન્ટર,જોગીંગ ટ્રેક,સુએઝ પંપીંગ સ્ટેશનનું લોકાર્પણ તેમજ બી.આર.ટી.એસ.ફેઝ–૨ અન્વયે બસ ડેપો,વર્કશોપ, બસ સ્ટોપ,ગાર્ડન તેમજ તળાવને લગતા સિવિલ કામો, પ્રાથમિક શાળા બનાવવાનું કામ,શાંતિકુંજ બનાવવાનું કામ,આંગણવાડી,યુ.સી.ડી.સેન્ટર જેવા વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણની તકતીઓનું અનાવરણ કરવામાં આવેલ

આ કાર્યક્રમના શુભારંભ મહાનુભાવોના શુભ હસ્તે દીપપ્રાગટય કરી કરવામાં આવેલ.

ગાંધી સ્મૃતિભવન ખાતે માન.મ્યુ.કમિશનરશ્રીએ આજના પ્રસંગે હાજર રહેલ મહાનુભાવોનું સ્વાગત કરેલ ભારત સરકારના પ્રતિનિધિશ્રી એસ.એસ.દુબેજીનું સ્વાગત કરી આવકાર આપવામાં આવેલ તેમણે જણાવ્યું હતુ કે આજરોજ લોકાર્પણ કરવામાં

આવેલ બે (૨) પ્રોજેકટતોથી શહેરીજનોને ઘણી બધી સુવિધાઓ પ્રાપ્ત થશે અને નાગરિકલક્ષી સેવાઓ ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે ઉપસ્થિત માન.મંત્રીશ્રી,નાણાં,ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, ખાણખનિજ,કુટિર ઉધોગ,ગુજરાત રાજય શ્રી સૌરભભાઈ પટેલનું માન.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા તથા માન.મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણએમોમેન્ટો,શાલ અને અન્ય મંચસ્થ મહાનુભવોનું સુખડી અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ મહાનુભાવોએ તેઓશ્રીને અર્પણ કરેલ સુખડીનું કુપોષણ નાબુદી કરવાના શુભ હેતુથી આંગણવાડીના બાળકો માટે આંગણવાડીની બહેનોને સ્વહસ્તે સુખડી આપવામાં આવેલ.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા માન.સાંસદશ્રી સી.આર.પાટીલે સુરત શહેર સ્માર્ટસીટી બને તેવુ માન.પ્રધાનમંત્રીશ્રીનું સ્વપ્ન સાકારિત થતુ જણાતા આભાર વ્યકત કરેલ તેમજ સુરત રેલ્વે સ્ટેશન વર્લ્ડ કલાસ બનશે તેવી શુભકામના વ્યકત કરેલ. સુરત શહેરના નાગરિકોની ખાસ વિશેષતા "સુરતના નાગરિકો સેવા આપવા માટે હાથ લંબાવે છે સેવા લેવા માટે નહિ"તે બાબતની ખુશી વ્યકત કરેલ

માન.દંડકશ્રી ગુજરાત સરકાર શ્રી અજયકુમાર ચોકસીએ જણાવ્યું હતુ કે ભારત સરકાર તરફથી સ્માર્ટ સીટી બનાવવાના કાર્યક્રમ અંતર્ગત સુરત શહેરનું સ્માર્ટ સીટીનું સ્થાન દેશમાં સૌથી આગળ હશે.સાથો સાથ આજના બે(૨)સુવિધાઓની લોકાર્પણથી શહેરની પ્રગતિ ખુબ ઝડપથી થશે સુરત શહેરમાં પદાધિકારીઓ અને અધિકારીઓની એક રાગિતાથી,ટીમવર્કથી કામ કરવાની પધ્ધતિથી શહેરનો સુપેરે વિકાસ થઈ રહયો છે જે બદલ સૌનો આભાર વ્યકત કરેલ

માન.મેયરશ્રી અસ્મિતાબને શિરોયાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ સેવાઓ શહેરીજનોને પુરી પાડવામાં આવે છે જે અંગે ઉભી કરેલ આંતર માળખાકીય સુવિધોઓને મોનીટરીંગ એક જ સ્થળેથી થઈ શકે અને

પરિણામલક્ષી જનસેવાઓ શહેરીજનોને સતત મળતી રહે તે હેતુથી અદ્યતન સ્માર્ટ સીટી સેન્ટર રૂા.૦૩.૯૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે સ્માર્ટ સીટી સેન્ટર દ્વારા શહેરીજનોને મહાનગરપાલિકાની લાગત કામગીરીની જાણકારી પુરી પાડવામાં આવશે.વિવિધ વિભાગોની કામગીરીનું મોનીટરીંગ કરી કામગીરીમાં સુધારો કરવામાં આવશે વિવિધ વિભાગ/ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા પરસ્પર સંકલન કરી યોગ્ય નિર્ણય લેવામાં તેમજ આપાતકાલીન સમયે એક જ સ્થળેથી પરિસ્થિતનું મોનીટરીંગ કરવાથી સરળતા થશે.સુરત પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલ સી.સી.ટીવી નેટવર્કનું આઉટપુટ વિવિધ નાગરિક સુવિધાઓના મોનીટરીંગ માટે પણ ઉપયોગમાં લઈ શકાય તેવું આયોજન પણ સ્માર્ટ સીટી સેન્ટરમાં કરવામાં આવેલ છે. તમામ વિભાગોને અલગ–અલગ સેવાઓ સંબધિત માહિતીનું કેન્દ્ર સંયોજન અને સંકલન એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે હાલમાં પુરી પાડવામાં આવતી પાણી,ડ્રેનેજ,રોડ–રસ્તા,સ્ટ્રીટલાઈટ,પ્રાથમિક શિક્ષણનું સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત ખાસ ધ્યાન રાખી અમલીકરણ માટે પુરતુ ધ્યાન આપવામા આવશે.

માન.મંત્રીશ્રી,નાણાં,ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, ખાણખનિજ,કુટિર ઉદ્યોગ,ગુજરાત રાજય શ્રી સૌરભભાઈ પટેલના વરદ્‌હસ્તે પ્રકલ્પોના નવા આયોજન કરવામાં આવેલ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્તના પ્રકલ્પોની તકતીઓનું અનાવરણ કરવામાં આવેલ.

માન.મંત્રીશ્રી,નાણાં,ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, ખાણખનિજ,કુટિર ઉદ્યોગ,ગુજરાત રાજય શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતુ કે સુરત શહેરનો જે સુવ્યવસ્થિત અને ઝડપથી વિકાસ થઈ રહયો છે તેને માટે પદાધિકારીઓ અને અધિકારીઓની ટીમવર્કનું કામ પ્રંશસનીય છે અને સુરત શહેરનો સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત ચોથો ક્રમ છે તે ક્રમ અગ્રતા ક્રમે આવશે આજરોજ I.T.M.S. અપ્લીકેશનનું લોન્ચીંગ કરવામાં આવેલ છે તેના અમલીકરણથી નાગરિકલક્ષી સેવાઓ ઝડપથી પુરી પાડવામાં આવશે જેથી સમય અને શકિતનો વ્યય થતો અટકશે. સુરત મહાનગરપાલિકાએ એક નવો જ દાખલો બસાડેલ છે.સુરત મહાનગરપાલિકા તરફથી ગોઠવવામાં આવેલ આ પ્રકારની વ્યવસ્થાનું અન્ય શહેરોમાં પણ અમલીકરણ કરવાની સીસ્ટમ તૈયાર કરવામાં આવશે. રાજય સરકાર તરફથી માસ ટ્રાન્સપોર્ટેશન,રોડ– રસ્તા માટે, બુલેટ ટ્રેન વિગેરે સુવિધા માટે પુરતી સહાય પુરી પાડવામાં આવશે વધુમાં જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકાએ માત્ર ગુજરાતને જ નહિ પરતુ સમગ્ર દેશમાં નવી રાહ બતાવેલ છે.તેમ જણાવેલ ખુશી

વ્યકત કરેલ તથા વેટ ટેક્ષમાં જરૂરી ફેરફાર કરી નાના શહેરોને પણ લાભાવિંત કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

આ કાર્યક્રમ ભારત સરકારના પ્રતિનિધિ શ્રી એસ.એસ. દુબજી, મા. અધ્યક્ષશ્રી ગુજરાત હાઉસીંગ બોર્ડ શ્રી વિવેકભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, મા.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મા.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા), માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસરીયા માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, મા.નેતાશ્રી શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, પત્રકારશ્રીઓ, મીડીયા કર્મીઓ તથા જાહેર જનતા મોટી સંખ્યામાં આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

અંતમા ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી એ જણાવ્યુ હતુ કે આજે અત્રેથી શહેરીજનોને જે સુવિધાઓ આપવાની શરૂઆત કરવામાં આવેલ છે. તેનાથી સુરત મહાનગરપાલિકાની સેવામાં ઘણો સુધારો આવશે અને સુરત શહેર એક વૈશ્વિક શહેર તરીકે ઉભરી આવશે.સાથો સાથ આજના આ પ્રસંગે ઉપસ્થિત રહેલ તમામનો આભાર વ્યકત કરેલ હતો




માર્ટ સીટી સેન્ટર
સુરત મહાનગરપાલિકા



